# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 10 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH DECEMBER 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી મુંબઇ મહાજનની ચૂંટણીનો 'હેલ્લારો'



ડોંબીવલી ખાતે ચૂંટણી પ્રચાર સભા તા. ૧૮-૧૨-૧૯






ગોરેગાંવ ખાતે ચૂંટણી પ્રચાર સભા તા. ૧૮-૧૨-૧૯





થાણા ખાતે ચૂંટણી પ્રચાર સભા તા. ૧૯-૧૨-૧૯





ડોંબીવલી ખાતે ચૂંટણી પ્રચાર સભા તા. ૧૯-૧૨-૧૯



# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લી.

**Head Office :** GB 10 A & 10 B, Karma Stambh, Opp. Kailash Com. Complex,
L.B.S. Marg, Vikroli (W), Mumbai - 400 083.
**H.O. Tel.:** 2579 9326 • **Fax :** 2579 9323 • **E-mail :** acblho@arihantbank.com

પ્રિય સભાસદો તથા ગ્રાહકો જોગ

આપ સૌ જાણો છો કે આપણી બેન્ક ૧૯૮૪ થી કાર્યરત છે. આપ સૌના સાથ અને સહકારથી આપણી બેંક ૩૫ વર્ષ પૂરા કરી ૩૬ મા વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે.

આ પ્રસંગને ઉજવવા તથા ૧લી જાન્યુઆરીથી શરૂ થતા ૨૦૨૦ નવ વર્ષને ઊજવવા અમોએ એક સંગીત મહેલી સાંજ નું આયોજન કર્યું છે.

## -: સંગીતનો રંગારંગ કાર્યક્રમ :-

**તા. ૩ જાન્યુઆરી ૨૦૨૦ના રાત્રે ૮ કલાકે રાખેલ છે.**
**સ્થળ : કાલિદાસ ઓડિટોરિયમ, મુલુંડ (વેસ્ટ).**

**આ કાર્યક્રમમાં ભાગ લેવા આપ સૌ ને હાર્દિક આમંત્રણ છે.**

- કાર્યક્રમના પાસ આપ તારીખ ૨૬ મી ડિસેમ્બર ૨૦૧૯થી આપની શાખામાંથી મેળવી શકશો.
- કાર્યક્રમના પાસ ફેમિલી દીઠ ૨ (બે), વહેલો તે પહેલોના ધોરણે આપવામાં આવશે.
- કાર્યક્રમના દિવસે ઓડિટોરિયમ પ્રવેશ પણ વહેલો તે પહેલોના ધોરણે આપવામાં આવશે.
- રખે ચૂકતા, આપનો પાસ વેળાસર લઈ લેવા નમ્ર વિનંતી છે.
- કાર્યક્રમમાં વેળાસર પધારી આપનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી.







## તો આવો, માણીએ એક સંગીતમય સંધ્યા

## શુક્રવાર તા. ૩જી જાન્યુઆરી ૨૦૨૦ સાંજે ૦૮:૦૦ કલાકે.

**કિરણ પટેલ**
(ચીફ એકઝીક્યુટીવ ઓફિસર)

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડિટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૧૦**
**Date : 20-12-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

એક વર્ષ અગાઉ ડિસેમ્બર ૨૦૧૮માં સમસ્ત મહાજન દ્વારા નલિયા ખાતે જ્ઞાતિ સંમેલન આયોજીત કરવામાં આવ્યું હતું. જેમાં હજારો કે.ડી.ઓ. જ્ઞાતિજનોએ હાજરી આપી હતી, જે સંમેલનમાં જ્ઞાતિના ઉત્કર્ષ માટે અનેક ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા તથા અનેક પ્રકલ્પો પણ નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આશા રાખીએ કે આવનારા બે ત્રણ અઠવાડિયામાં સમસ્ત મહાજન દ્વારા આ અંગે થયેલી કાર્યવાહીની વિગતવાર માહિતી આપવામાં આવે. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી નિશિથ દંડ એક સંનિષ્ઠ કાર્યકર્તા છે અને જ્ઞાતિ તેમની પાસે અનેક આશાઓ રાખે છે.

તા. ૨૦-૧૧-૨૦૧૯ના શ્રી મુંબઈ મહાજનની વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવેલી. આ સભામાં તા. ૨૦-૧૧-૨૦૧૮ની સભાની મિનિટસ્‌નું વાંચન કરવામાં આવ્યું એ મુજબ શ્રી અનંતનાથજી ટ્રસ્ટના દશ વરસના ઓડીટેડ હિસાબો (૨૦૦૭ થી ૨૦૧૭) મંજુરી માટે તા. ૨૦-૧૧-૨૦૧૮ની સામાન્ય સભામાં રજુ કરવામાં આવ્યા હતા. એ જાણી મેં આંચકો અનુભવ્યો. ગત ૧૨ વરસમાં ટ્રસ્ટીશ્રીઓએ સામાન્ય સભા દ્વારા હિસાબો મંજુર કરવાની દરકાર કરી નથી. શું ટ્રસ્ટીશ્રીઓ આ અનિયમિત તથા મોડી કાર્યવાહી અંગે કોઈ ખુલાસો આપશે ? કે પછી એક વખત ચૂંટાઈ આવ્યા પછી ટ્રસ્ટીઓને સામાન્ય સભા કે જે મુખ્ય સુત્રધાર છે એની ચિંતા નથી હોતી ? આમાં પારદર્શિતા ક્યાં છે ? હજુ તો શ્રી અનંતનાથજી ટ્રસ્ટના વર્ષ ૨૦૧૭-૧૮ તથા વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબોને મહાજનની સામાન્ય સભાની બહાલી બાકી છે.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા ઐરોલી વાડી માટે રૂા. ૫.૫૦ કરોડનું શરતી દાન આપવાનું ઠરાવવામાં આવ્યું હતું જે તા. ૨૦-૧૧-૨૦૧૯ની સામાન્ય સભામાં મંજુરી માટે મુકવામાં આવેલું જે પ્રસ્તાવને સામાન્ય સભાએ નામંજુર કરી ફક્ત રૂા. ૧ કરોડનું દાન આપવા માટેજ મંજુરી આપી હતી કારણ કે ઐરોલી વાડીના નિર્માણ કાર્યમાં આટલો અંદાજીત ખર્ચ મહાજને કરી દીધો હતો. આ આખી પ્રક્રિયાથી ટ્રસ્ટને કોઈ જ લાભ થયો હોય એમ જણાતું નથી સાથે સાથે સામાન્ય સભાની ઉદારતા પણ દેખાય છે. જો ૧ કરોડ રૂપિયા મંજુર ન કર્યા હોત તો અપાયેલી રકમ કઈ રીતે પાછી મળે એ પ્રશ્ન ઉભો થાત.

બધા જ ટ્રસ્ટના ચુંટાયેલા ટ્રસ્ટીઓની જવાબદારી છે કે તેઓ સમયસર હિસાબ-કિતાબ આપે અને સામાન્ય સભા સામે પારદર્શક વ્યવહાર રાખે. સામાન્ય સભા તથા સભ્યો મુખ્ય છે. ટ્રસ્ટીઓએ ટ્રસ્ટના બંધારણ મુજબ ટ્રસ્ટના સભ્યોના હિતાર્થે ટ્રસ્ટનું માત્ર સંચાલન કરવાનું છે.

ખૂબ જ ખેદ સાથે લખવું પડે છે કે ચુંટાયેલા સભ્યો અનેક મહાજનોનો વહીવટ પોતાની અંગત મિલકતની જેમ ચલાવે છે. તેઓ સભ્યોને હિસાબ કિતાબ બતાવવા ઈચ્છુક નથી હોતા તથા જ્યારે કોઈ સભ્ય હિસાબો અંગે અથવા અન્ય બાબતો અંગે પુછે છે ત્યારે તે સભ્યને મહાજનના વિકાસના મોટા અવરોધક તરીકે

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*ગણાવે છે.*

*આશા રાખું છું કે આ વખતની ચુંટણીમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજનની ચુંટાણીમાં સારા ઉમેદવારોને ચુંટવા જોઈએ કે જેઓ આ બન્ને મહત્વપુર્ણ તથા પ્રતિષ્ઠિત સંસ્થાઓનું સંચાલન પુર્ણ પારદર્શિતા તથા નિયમિતતાથી કરે અને જ્ઞાતિને ગૌરવ પ્રદાન કરે.*

**– *હિરાચંદ દંડ*, Mob.: 7738508150**

## પ્રકાશ સમીક્ષાના પ્રતિનીધીઓ

**મહેશભાઈ જવેરચંદ લોડાયા** – વારાપધર, ગાંધીધામ
મો. **99043 53381 / 79908 23606**
**શશીકાંત કુલિનકાંત લોડાયા** – કોચીન
મો. **93874 41909 / 88938 41909**
**હેમાંગ શાહ** – મુલુંડ, મો.: **09920646846**
**ગુલાબચંદ હિરજી છેડા** – જશાપર-સૂરત
મો.: **099985 56567**
**કિશોર કાનજી ધુલ્લા** – વડોદરા
મો.: **080001 27252**
**રાયચંદભાઈ મોમાયા** – કલીકટ
મો.: **079076 06932**
**શાહ પ્રબોધ હીરાચંદ મુનવર** – ભુજ – કોઠારા
મો.: **99251 69876** ફોન : **(02832) 223411**






**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૫

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**ધર્મ એટલે શું ? ? ?**

નાનપણથી જ કચ્છનું વાતાવરણ અને જીવન મને ગમતું હોવાથી નિવૃત થયા પછી કચ્છમાં સ્થાયી થવાના સ્વપનાં મેં સેવ્યા હતાં.

ઈ.સ. ૨૦૦૩માં નોકરીમાંથી નિવૃત થઈ ડોંબીવલીમાંથી કચ્છમાં સ્થાયી થઈ, નિવૃતિમાં પ્રવૃત થઈ સકારાત્મક રીતે જીવનનો આનંદ માણવાનું નક્કી કરેલ. સદ્ભાગ્યે તે વખતે વિરાયતન વિદ્યાપીઠ (શ્રી આચાર્ય ચંદનાશ્રીજી)માં માનદ્ સેવાએ જોડાવવાની તક મળી.

અહીં જૈન સાધ્વીજીઓ ને સામાજિક જવાબદારીઓ, ધાર્મિક ક્રિયાઓ સાથે સંભાળતા થોડુંક આશ્ચર્ય તો થયું પણ મધર ટેરેસાનાં કાર્યક્ષેત્રને યાદ કરતાં વિરાયતનમાં હું જોડાઈ ગયો.

રોટી, કપડા, મકાનની વ્યવસ્થા થતાં, ૭૨ જિનાલયની બાજુમાં આવેલ ગુણપુરીમાં હવે તો ''અહ્રે જ દ્વારકા'' નક્કી કરી એક નાનકડું પોતીકું ઘર બનાવી સ્થાયી થયો.

૭૨ જિનાલય પાસે જ હોવાથી અવાર-નવાર દર્શન કરવા, રાત્રે ભાવનામાં ભાગ લેવા તથા અહીં પધારતા સાધુ-સાધ્વીઓનાં સંગમાં આવતો રહ્યો. ત્યારે નાનપણથી મને જે પ્રશ્ન સતાવતો હતો, (તમારામાંથી પણ ઘણાને સતાવતો હશે) **ધર્મ એટલે શું ?** જાગૃત થયો

શું ૭૨ જિનાલયમાં પધારતા સાધુ-સાધ્વી કે શ્રાવકો પ્રભુપુજા, તપ કરે તે ધર્મ કહેવાય કે વિરાયતનનાં સાધ્વીજીઓ સામાજીક જવાબદારી જેવી કે કચ્છમાં ધરતીકંપમાં મા-બાપ વિહોણા બાળકોની સંભાળ લઈ તેમને નિઃશુલ્ક ભણતરની વ્યવસ્થા કરી આપી એક ઉજ્જવળ ભવિષ્યનો રસ્તો ખોલી આપ્યો તેને ધર્મ કહેવાય. વિરાયતન, રાજગીરમાં ૧૫૦ પથારીની હોસ્પિટલ ચલાવે છે અને ત્યાં સતત આંખોનાં ઓપરેશન નિઃશુલ્ક કે નજીવા દરે થાય છે તે દ્વારા લોકોનાં સ્વાસ્થ્યની સંભાળ લે છે તેને ધર્મ કહેવાય !!??

ક્યાંયથી પણ સાચો સંતોષકારક મનનું સમાધાન કરે તેવો જવાબ મળતો ન હતો. આચાર્યશ્રી ચંદનાજી જોડે ચર્ચા કરતાં તેમણે એટલું જ કહ્યું કે ''માનવ સેવા એજ પ્રભુ સેવા અને એજ અમારો ધર્મ.''

ગુણપુરીમાં જ્યાં હું રહું છું ત્યાં ૭૨ જિનાલય તો છે જ, પણ અમારી સોસાયટીમાં એક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર, એક શિવનું મંદિર, એક હનુમાનજીનું મંદિર છે અને પાસે તલવાણા ગામમાં એક મસ્જિદ પણ છે, ત્યાંથી શિયાળાનાં દિવસોમાં પોકારાતી **અજાન** પણ સંભળાય છે. તો આ મંદિરોમાં દર્શન કરવા, ફુલ ચડાવવા, કાન ફાટી જાય તેવી રીતે ઘંટનાદ કરવા, કપાળે તિલક કરવા, કે મસ્જિદમાં જઈ નમાજ પડવી **તે ધર્મ** છે !!??

**''ચિંટી કે પાંવ નોબત બાજે; વો ભી સાહબ સુનતા હૈ''**

(સંત કબીર)

સાચે સાચ ધર્મ છે શું ? ? ?

ધર્મની વ્યાખ્યા ગોતવા માટે ગુજરાતી શબ્દકોશનો સહારો લીધો. શ્રી રતિલાલ નાયક સંપાદિત મોટો કોશ (અક્ષરા પ્રકાશન)નાં ૩૦૫ પાનાં પર ધર્મનો અર્થ નીચે મુજબ આપેલ છે.

**ધર્મ : (૧) નીતિ, સદાચાર વિષેનું તથા મરણ સાંપ્રદાય, ઈશ્વરાદિ ગુઢ તત્ત્વો વિશેનું જ્ઞાન, શ્રદ્ધા કે માન્યતા. (૨) શાસ્ત્રોક્ત વિધિ-નિષેધ-આચાર. (૩) પુણ્ય,દાન. (૪) ફરજ, કર્તવ્ય. (૫) ચાર પુરુષાર્થમાંનો એક. (૬) ગુણ, લક્ષણ, સ્વભાવ વગેરે.**

ઉપરની વ્યાખ્યાને સમજવાનો પ્રયત્ન કરીએ તો આપણે ત્યાં ધર્મની જે સમજ અપાય છે તે ફક્ત આચરણ, ફરજ, કર્તવ્યની જ અપાય છે; જે તત્ત્વ અથવા ધર્મ વિશે આંગળી ચિંધતું નથી.

ધર્મ વિષેયની ઉપર આપેલ વ્યાખ્યાના એક એક અંશ ઉપર વિચાર કરતા પાનાના પાના ભરાય એટલી સામગ્રી છે, પણ સંક્ષિપ્તમાં કહેવું હોય તો...-

सत्यमेव परं दानं सत्यमेव परं तपः ।
सत्यमेव परो धर्मो लोकानामिति वै श्रुतिः ।।

સત્ય જ શ્રેષ્ઠ દાન છે, સત્ય જ શ્રેષ્ઠ તપ છે; લોકો માટે સત્ય જ ઉત્તમ ધર્મ છે એમ વેદ કહે છે.

(નારદીયમનુસ્મૃતિ ૧/૧૯૨)

છેલ્લે કવિશ્રી તેજની બે પંક્તિઓથી આજની ચર્ચાને અહીં વિરામ આપુ છું.

**''પ્રેમ પિંઢઇં મિલે, પ્રેમજી ઉઝ઼ ખપે ;**
**સુખી થીણું વેં તાં જીયણમેં પુઝ઼ ખપે.''**

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ
## (સોનગઢ રત્નાશ્રમ)

ચારિત્ર કલ્યાણ માર્ગ, સ્ટેશન રોડ, સોનગઢ, તા. સિહોર, જી. ભાવનગર, પીન – ૩૬૪ ૨૫૦.
ઈમેલ : ashram@songadhashram.org • વેબસાઈટ : www.songadhashram.org

## ADMISSION 2020-21

**સોનગઢ રત્નાશ્રમમાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ ૬ થી ૯**
**(ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)માં દાખલ કરવા ઈચ્છતા બાળકોના વાલીઓ જોગ**

**પ્રિય વાલી મિત્રો,**

આપના લાડકવાયાનું આપ ખરેખર સંસ્કરણ થાય એમ ઈચ્છતા હો તો એને માટે આ સુવર્ણ અવસર છે. શા માટે આપને આપના બાળકને સોનગઢ રત્નાશ્રમમાં મોકલવો જોઈએ તો એને માટે આપ પરિવારજનો અને બાળક સાથે તા. ૨૫/૦૧/૨૦૨૦ ને દિવસે ખાસ સોનગઢ પધારો અને સંસ્થાની જાત માહિતી મેળવીને પછી જ ફોર્મ ભરીને આપ સંસ્થાની ઓફીસ પર મોકલો.

દિવસભરનો કાર્યક્રમ સવારે ૭.૩૦ વાગે નવકારશીથી શરૂ થઇ જશે અને સાંજે ૫.૩૦ વાગે ચૌવિહાર સાથે પૂરો થશે એટલે આપ એથી વહેલા સોનગઢ પહોંચી આવો એ રીતે આપની મુસાફરીનું આયોજન રહેશે.

સંપર્ક : **ખોના કુલીનભાઇ હીરાચંદ** (નલિયા) - **93289 05127**
**દંડ હિતેશભાઈ હીરાચંદ** (સાંધવ) - **93228 49362**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442

CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com

ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

## TRUSTEE AN EPITOME OF INTEGRITY AND WELFARE FOR THE SOCIETY
## KNOWING IS DELUSION, NOT KNOWING IS CONFUSION, THE TRUE WAY IS VAST AND BOUNDLESS AS OUTER SPACE (Taoist proverb)

1. Many a times our knowledge is timid by perspectives, limited by vision, shallow in depth. Yet,, we tend to believe that we have followed the right path. We need to save ourselves from such a fancy. On this day, let us all gain knowledge, which is silent but submitting us to the vastness of depth.




2. In the present scenario where banks are going bust by a huge burden of non-performing assets and the co-operative banks are going bust due to the unethical practices and lack of integrity of the Board of Directors with whom the general public has entrusted the assets, it becomes more imperative to have Trustees in real sense who run the public trusts. Therefore I take this initiative to pen an article for the community which is culturally and morally rich, but due to various facts and reasons we have been unable to harness the real potential and strength of it.

3. Trust is synonymous to the Trustee. A person who can be trusted can be made a Trustee, it's so simple yet highly complicated. Technically the role of a trustee is to act as the legal custodian of trust assets and is responsible for handling any of the assets held in trust, tax filings for the trust and distributing the assets or utilising the funds or resources according to the terms of the trust. Thus a Trustee gets into a fiduciary role of running the day to day affairs of the Trust. The technical data relating to the role of a Trustee, his duties and responsibilities and liabilities too, is available on 'Google' and readers ,may refer to the same, therefore I am not reiterating over here.

4. Recently I came across some of the articles written by our gnatijans in 'Prakash Samiksha' which have discussed the role of the present Trustees in our mahajans and trusts. It has also evaluated their working style. Without going into the nitty grittty of evaluating the past actions, I believe it would be imperative and worthwhile to discuss 'WHAT NOW' or the 'FUTURE AHEAD'.

5. Since time immemorial countries have been built on the basis of a review of past actions which would have helped in developing it and also developing further on the basis of past mistakes. We as Wise Gnatijans should evaluate individually the actions of the Trustees. Almighty has given us intellectual and analytical abilities to evaluate any situation. Instead of having a herd mentality we should develop our own evaluation system and see to it that the best of talents, with high level of integrity, loyalty, knowledge of Rule and Regulations adorn the chair of such organizations. It is also noticed that the votes are cast in favour of a particular panel / party. This is not the right concept. In a democracy there should always be balancing of power. Many of the countries are being un-democratically ruled though being a democracy, because of the only reason that the citizens of that country in a herd mentality have voted for a particular party, instead of the right candidate. A right candidate will have solutions for the problem, whereas a candidate from a particular panel or party will not have any independent thought process and shall always be abided by the whip of the seniors or the panel/party president or secretary. The concept of party for political elections may be the roost of the day [however, you always see that some anti social elements, underworld dons and criminals get elected in general elections like loksabha or Vidhansabha] but the concept of panel is not right for a TRUST. The best recourse for a community member is to pick the best candidates who fulfil all the qualifications for being a Trustee from any of the panel and cast a vote in their favour. I would like to high light some of the qualities which one should see while electing a trustee, though it may not be an exhaustive list, however it will give a general idea about the qualifications to be seen in them.

i. Human being: He should be humane in all his activities. By humane you understand that he should be compassionate, benevolent, civilized

**ચર્ચાને ચોતરે વિભાગ અંગે**

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઈમેઈલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય. **- તંત્રી મંડળ**

and should have empathy towards others.

ii. Time and energy to serve: A Trustee should have time and energy to serve the institution. Trusteeship is not an ornament to flaunt or mention on your visiting cards, it is time consuming; it needs positivity and ample energy to serve the institute.

iii. High level of integrity: By integrity we understand that transparent and honest in all activities. Behaving judiciously i.e. without any fear or favour (impartial).

iv. Educated: Though it is not necessary to have a particular level of qualification, but the Trustee should have knowledge of all the affairs of the Trust, know the laws and byelaws under which the Trust is functioning, basic knowledge of Trust Act, Income Tax Act and other related Acts.

v. Visionary with a plan for development.

vi. Some of the other qualifications may be, good at Personal Relations [PR] good oratory is always a bonus, logical thinking and ability to find solutions and so on.

vii. One major point which I would like to highlight is that the Trustee should have the will power to dissent. A dissenting trustee is enabled to absolve him or herself from liability by communicating such dissent and he or she must prevent 'any serrious breach of trust' and must compel co-trustees to redress a serious breach of trust.

6. As discussed supra, it can be seen that the Trustee has to carry out multifaceted roles and loyalty, integrity, honesty, knowledge of rules and regulations etc are sine-qua-non for being a Trustee. Any slackness in any of these roles can be a disaster for the Trust and may also land the Trustee in trouble from various Government Agencies like Charity Commissioner, Income Tax, Enforcement Directorate, Economic Offence wing, Courts of justice etc.

7. It is also seen that during the time of such elections, the opponents go for the witch hunt and by distributing various pamphlets leak some personal facts and events and carry out selected character assassination and try to build up opinion in their favour. This is not the right way to garner votes or opinion in your favour. It would be right if you are able to demonstrate your achievement and publicize your opinion which you envisage for the development of the Trust and the community at large.

8. In my carrer in Revenue Services I have come across many a Trust who have benefitted a large when the vision and integrity of the Trustees is impeccable. They have been able to build huge instituions from scratch and even whos who of the society vie to get themselves attached to such trusts. I have also seen the opposite of this too, when the clarity and thought process of the Trustees is so narrow and shallow that Huge instituions have been engaged in quagmire. Therefore, as a gnatijan I would be desisting from my duty if I do not communicate my thoughts which may be beneficial for the gnati and implore the gnatijans to scratch their heads and awaken their analytical powers. It is therefore prayed that to keep our organizations good and healthy and thereby benefit our gnati and gnatijans individually let us all take an oath that :

* We shall select or elect only those people as Trustees who fulfil the basic criteria instead of being influenced by herd or any hearsay.

* We select or elect only those persons who have vision for the development of the trust and community at large.

* We select or elect only those and who are ready to disclose their manifesto or vision or the road ahead for the activties they would like to do for the benefit of the Trust and gnatijans at large.

- **Dilipkumar Kusumkant Nagda,** Naliaya
(IRS - Jt. Comm. of Income Tax - Mumbai)

**સમાચાર-જાહેરાતની મેટરો અગાઉથી મોકલવી**

પ્રકાશ-સમીક્ષા પાક્ષિક દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થતું હોવાથી અમને અનુક્રમે ૩ અને ૧૮ તારીખ પછી મળેલ મેટરો કે સમાચારોનો અંકમાં સમાવેશ કરવાનું મુશ્કેલ બને છે. આમ છતાં, મોડેથી આવેલ મેટરો-જાહેરાતો લેવા શક્યતઃ પ્રયત્નો કરીએ છીએ પરંતુ પ્રિન્ટીંગ પ્રેસ, બાઇડીંગ ખાતું, પોસ્ટલ વિભાગની ચોક્કસ તારીખો અને જાહેર રજાઓ જેવા પરિબળોને કારણે તેવી મોડેથી મળેલ મેટરો લઇ શકાતી નથી.

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

# ઓસવાલોનો ઈતિહાસ - ઓસવાલોનું પ્રવાસન (સ્થળાંતર)

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

પ્રાચિન શીલાલેખો, મૂર્તિલેખો, તામ્રપત્રો, મુદ્રા, સ્તૂપ જેવા નક્કર ઐતિહાસિક પ્રમાણોના અભાવે કેટલાક પુરાતત્વવેતા અને ઇતિહાસકારો ઓસવાલોની ઉત્પત્તિનો સમય વીર નિર્વાણથી ૭૦ વરસે (વિ.સ.પૂ.૪૦૦) સ્વીકારવા તૈયાર નથી. પટ્ટાવલીઓ જે જૈનાચાર્યો અને એમનાં શિષ્યો દ્વારા લખાઇ છે કે વંશાવલીઓ અને વહીવંચાની નોંધોને પ્રમાણભૂત માનતા નથી. આ ઇતિહાસકારોના મતે ઓસવાલોની ઉત્પત્તિ વિક્રમની ૫મી થી ૧૦મી સદીમાં થઇ હશે તેવું માને છે. જો કે આ પણ એમની ધારણા છે. આ બાબતે તેઓ પણ ઐતિહાસિક પ્રમાણ આપી શકે તેમ નથી. મૂર્તિલેખો, શીલાલેખો કે અન્ય લેખો વિક્રમની ૧૦મી સદી પછીના સાંપડે છે.

ઉપકેશવંશની ભગવાન પાર્શ્વનાથ પરંપરાના આચાર્યોની પટ્ટાવલીઓ જોતા જણાય છે કે આ ગચ્છમાં ૬ રત્નપ્રભસૂરિ, ૬ યક્ષદેવસૂરિ, ૨૩ કક્કસૂરિ, ૨૩ દેવગુપ્તસૂરિ અને ૨૨ સિધ્ધસૂરિ થયા છે. એ સમયે દાદા કે પરદાદાએ ફરી એજ નામ રાખવાની પ્રથા હતી તે આચાર્યોમાં પણ જોવા મળે છે. ઓસવાલોની ઉત્પત્તિ વિક્રમની ૫મી થી ૧૦મી સદી વચ્ચે થયાનું માનનારા ઇતિહાસકારો એ વાત માનવા તૈયાર છે કે ઓસવંશની સ્થાપના ઓશિયા નગરમાં રત્નપ્રભસૂરિ દ્વારા થઇ. પ્રથમ રત્નપ્રભસૂરિ અને છઠ્ઠા રત્નસૂરિ વચ્ચે ૯૦૦ વરસનો સમય ગાળો છે. વિક્રમની ૮મી સદી પછીનું થોડું સાહિત્ય મળે છે. પરંતુ તેમાં વિક્રમની પાંચમીથી દશમી સદીમાં ઓસવાલોની ઉત્પત્તિ થઇ હોય તો નોંધ થયા વગર રહે નહિ. એટલે ઓસવાલોની ઉત્પત્તિની પ્રાચિનતા ન માનવાનું કોઇ કારણ નથી. કોઇ ઐતિહાસિક પ્રમાણો ન મળતા હોય ત્યારે જૈનાચાર્યો દ્વારા લિખિત પટ્ટાવલીઓ અને વંશાવલીઓને તદ્દન અમાન્ય તો ન ગણી શકાય.

પ્રાપ્ત થતાં પ્રાચિન ગ્રંથો, પટ્ટાવલીઓ અને વંશાવલીઓમાં જૈનાચાર્યોના વિહાર ક્ષેત્ર, એ વખતના શ્રાવકોના ગોત્રો, શ્રાવકોએ કાઢેલ સંઘો, મંદિરના નિર્વાણો, મૂર્તિ પ્રતિષ્ઠાઓ, સમય અને સ્થળોની વિગતો મળે છે. આવી વિગતો જોતા ઘણાં શ્રેષ્ઠીઓ ઓસવાલ ગોત્રીય જોવા મળે છે. આવી જુદી જુદી નોંધો પરથી ઓસવાલોનાં સ્થળાંતર કે વસવાટ પર પ્રકાશ પાડી શકાય છે.

પ્રથમ રત્નપ્રભસૂરિ જે પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં છઠ્ઠા પટ્ટધર થયા અને ત્યાર બાદ થયેલા પટ્ટધરોનાં વિહાર ક્ષેત્રો પંજાબ, સિંધ, કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, ગંધાર, પંચાલ, મેવાડ, માલવા (મધ્ય પ્રદેશ), મથુરા આદિ પ્રાંતોમાં વિચર્યા છે. જે પરથી ઉપકેશવંશીય આ વિસ્તારમાં અવશ્ય વસતા હોવા જોઇએ. પટ્ટાવલી, વંશાવલીઓ અને પ્રાચિન ગ્રંથોની થોડી નોંધો જોઇએ.

૧) વિક્રમ સવંત પૂર્વે ૧૭ વરસે આચાર્ય કાલિકાચાર્ય થયા. એમની સંસારી બહેન અને શિષ્યા સાધ્વી સરસ્વતીનું ઉજ્જૈનના રાજવી ગર્દભભિલ્લે અપહરણ કર્યું. જૈન સંઘ અને આચાર્યની રાજા સાધ્વીને છોડી મુકવાની વિનંતી રાજા માન્યો નહિ. રાજાની પાશવિકતાથી પ્રજાની બહેન દીકરીઓની પવિત્રતા કલંકિત થતી જોઇ આચાર્ય કેમ ચૂપ બેસી શકે ? ઉજ્જૈનથી નીકળી આચાર્ય પંજાબ-સિંધ પ્રાંતમાં આવી સિંધુ નદીને પેલે પાર શક રાજવીને તથા અન્ય જુદા જુદા આસપાસના ૯૬ શક રાજવીઓની માલવા અને અન્ય પ્રાંતો મેળવી આપવાની શરતે ઉજ્જૈન પર ચડાઇ કરવા પ્રેરણા આપી. શકોના સૈન્યની મદદથી ગર્દભ ભિલ્લને હરાવી સાધ્વી બહેન સરસ્વતીને છોડાવી. આ આચાર્ય ભાવડા ગચ્છનાં હતા અને તેમનાં અનુયાયીઓ ભાવડા કહેવાયાય આ ભાવડા ગોત્ર ઓસવાલોનું ગોત્ર છે. પંજાબમાં આજે પણ ઘણાં ભાવડા ઓસવાલ વસે છે. પંજાબમાં મોટા ભાગના ઓસવાલો મારવાડમાંથી આવ્યા છે.

૨) વિ.સ. ૧૧૫માં શ્રેષ્ઠી ગોત્ર (જે ઓસવાલનું ગોત્ર છે) માં ગિરધરસાના પુત્ર ધન્નાશા સત્યપુરી (સાંચોર)માં થયા જેમણે ૮૪ દેરીવાળું મંદિર બંધાવી ઉપર સુવર્ણ કળશ ચઢાવ્યો. સકળ સંઘને ત્રણ મોટા જમણવાર આપ્યા.

૩) વિ.સ. ૧૩૩માં ડિંડૂ નગરમાં બથ્થનાગ ગોત્રીય શાહ જાલો થયો તેણે જુદા જુદા સ્થાનોમાં ૮૪ મંદિરો બનાવી, પ્રતિષ્ઠા કરાવી, સંઘ પૂજન કરી એક એક સુવર્ણ મુદ્રા થાળીમાં મુકી લ્હાની કરી.

૪) વિ.સ. ૧૬૨માં આઘાટનગર (મેવાડ)માં ચોરડિયા ગોત્રમાં જોધાશાના પુત્ર ગોદાશાએ દુષ્કાળમાં મનુષ્યોને અન્ન, વસ્ત્ર, પશુઓને ઘાસચારામાં ૭ કરોડ દ્રવ્ય વાપર્યું, ચાર મોટા તળાવ, ચાર કુવા અને ૭ મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી.

૫) વિ.સં. ૧૯૧માં ભદ્રાવતી નગરી (ભદ્રેશ્વર)માં શ્રેષ્ઠી ગોત્રના ધરણશા થયા જેમણે ૭ આચાર્યોને સૂરિપદ અપાવ્યું, ભગવતી સૂત્રનો મોટો મહોત્સવ કર્યો. પાંચ કરોડ દ્રવ્ય વાપર્યું.

૬) હેમવન્ત પટ્ટાવલી નોંધ મુજબ મથુરા નિવાસી ઓશવંશીય શિરોમણી શ્રાવકે અનેક સુત્રોને તાડપત્ર ઉપર લખાવી શ્રમણોને પઠન માટે વહેરાવ્યા. શ્રાવક પોલાકને ઓશવાલ શિરોમણી કહ્યા છે એટલે ઘણી વિશાળ સંખ્યામાં મથુરામાં ઓસવાલો એ કાળે વસતા હશે.

૭) વંશાવલી નોંધ મુજબ વિ.સં. ૨૨૨ (બીંયા બાળીસે) આભા નગરીના ઓસવાલ દેશલના પુત્ર જગ્ગાએ જૈન તીર્થનો વિશાળ સંઘ કાઢ્યો જેમાં અનેક રાજા મહારાજાઓ, શ્રેષ્ઠીઓ, આચાર્યો આદિ હતા. આભા નગરી (હાલનું ડીંડવાણાનગર)માં જગ્ગા શાહ આટલી સમૃધ્ધી ધરાવતા હતા. એટલે ઘણા વરસો પહેલા વસી ગયા હશે.

૮) વિ.સં. ૨૭૭માં માંડવગઢમાં શાહ શ્રીપાલ થયા જેમનું ગોત્ર કુલહટ હતું જે ઓસવાલનું છે. એમણે મોટો મહોત્સવ કરી ૭ આચાર્યોને સૂરિપદ અપાવ્યું.

૯) વિ.સં. ૩૩૯-૩૫૭ આ કક્કસૂરિના શાસનકાળમાં તક્ષશિલાના ભાવડા ગોત્રિય માલા શાહે શત્રુંજયનો સંઘ કાઢયો, લાહોરના શ્રેષ્ઠી રણવીરે સમેત શિખર તેમજ તક્ષશિલાના ઓશવંશીય કરનાર ગોત્રના શ્રેષ્ઠી રાવતે શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો.

૧૦) વિ.સં. ૩૭૨માં વીરપુર (સિંધ)ના ભૂરિ ગોત્રિય ગોશલ શાહ થયા તેના પુત્ર ધવલ શાહે શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો. ૭૨ લાખ દ્રવ્યમાં ધજા ચઢાવી. ૫-૫ મહોરોની પેરામણી દિધી.

૧૧) વિ.સં. ૪૭૦માં મરૂકોટ (મરકોટ સિંધ)થી શત્રુંજયનો સંઘ કાઢ્યો સ્વર્ણનું ઘર દેરાસર બનાવી તેમાં રત્નની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી.

૧૨) વિ.સં. ૫૫૨માં ઢેલીપુર (દિલ્હી)માં ગાંધી ગોત્રીય ઓશવાલ દેશલશા થયા જેમણે ૮૪ નાતને પોતાને આંગણે તેડાવી ભોજન, વસ્ત્ર તથા ૫-૫ સુવર્ણ મુદ્રાની લ્હાણી કરી.

૧૩) વિ.સં. ૬૨૯માં વલ્લભીપુરમાં રાંકા ગોત્રીય લાઢણશા થયા જેમણે સંઘ કાઢી સાધર્મિકોને ૧-૧ સુવર્ણ મહોર આપી.

૧૪) વિ.સં. ૫૬૭માં તોરમાણ હુણનો પુત્ર ભિન્નમાલનો રાજા થયો. જૈનો ઉપર ખૂબ અત્યાચારો કર્યા તેથી જૈનો દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, મેવાડમાં વસ્યા.

૧૫) વિ.સં. ૬૦૧-૬૩૧ આ દેવગુપ્તસૂરિના શાસનમાં રાંકા ગોત્રિય ઓસવાલ શ્રેષ્ઠી ખેતાએ શિયાલકોટ (હાલ પાકિસ્તાનમાં) મલ્લિનાથ ભગવાનનું મંદિર બનાવી પ્રતિષ્ઠા કરાવી.

૧૬) વિ.સં. ૭૧૧માં લોદ્રવામાં (જેસલમેર પાસે) મુરંટ ગોત્રિય અજરા શાહ થયા જેમણે બાવન જિનાલય બનાવડાવી ભગવાન મહાવીરની ૯૬ અંગુલ સુવર્ણમય મૂર્તિ બનાવી જેના નેત્રનાં સ્થાને રાત્રિને દિવસ બનાવી દે તેવા બે મણી લગાડાવ્યા.

૧૭) વિ.સં. ૮૫૨માં ભિન્નમાલમાં ઓસવાલ સોમાશાહ થયા જેમની પાસે પારસમણી હતો. લોખડનું સોનું બનાવી અનેક મહોત્સવો કર્યા. સંઘપૂજન કરી ૧-૧ શેરની સુવર્ણ થાળીની લ્હાણી કરી.

૧૮) વિ.સં. ૮૦૨માં વનરાજ ચાવડાએ અણહીલપુર પાટણની સ્થાપના કરી મારવાડમાંથી અનેક ઓસવાલો પાટણમાં આવી વસ્યા. સમયાંતરે તેઓ ખંભાત, સુરત, ભરૂચમાં વસ્યા.

૧૯) વિ.સં. ૯૫૯માં પાલી નગરમાં બાફણા ગોત્રમાં દેદાશાહ થયા જેમણે ૭ વખત સંઘ કાઢ્યો. પહેરામણીમાં ૧-૧ સુવર્ણ મહોર આપી.

૨૦) વિ.સં. ૯૩૨માં લોદ્રવામાં ગુલેચ્છા ગોત્રીય શાહ ધરમશી થયા જેમણે ૭ મંદિર બનાવ્યા. સુવર્ણ કલશ, ધ્વજા, દંડ કીધા.

૨૧) વિ.સં. ૧૦૩૬માં અણહીલ પાટણમાં પારખ ગોત્રિય શાહ કૂઆ થયા. મંદિર બંધાવ્યું જેમાં સુવર્ણ મૂર્તિ બનાવડાવી જેમાં નેત્રોને સ્થાને મણી મુકાવ્યા.

૨૨) વિ.સં. ૧૧૭૮માં નાગપુર (નાગૌર)માં ચોરડિયા ગોત્રિય કુંભાશાહ થયા. એમને ચિત્રાવલી પ્રાપ્ત થઇ તેનાથી અનેક મંદિરો બનાવડાવ્યા.

૨૩) હરિચંદ્રિકા અને મોહનચંદ્રિકા ગ્રંથ મુજબ વિ.સં. ૪૫૭ની આસપાસ દિલ્હી પ્રદેશ પર મલુખચન્દ વોહરાનું શાસન હતું. જે ઓસવાલ હતા. તેના વંશજોએ ૧૦ પેઢી સુધી દિલ્હી પર શાસન કર્યું.

પટ્ટાવલીઓમાં આવી અનેકો નોંધો જોવા મળે છે જે પરથી ઓસવાલોના જુદા જુદા સ્થાનોમાં વસવાટ જાણી શકાય છે. આ નોંધ પરથી ઓસવાલો બાડમેર, ભિન્નમાલ, માંડુ, મેડતા, જાલોર, ખીંવસર, રત્નપુર, પાલી, વઢવાણ, સાંચોર, માંડોર, કિરાડુ, ઢેલીપુર (દિલ્હી), શૌર્યપુર (સુરત), મારોટ (સિંધ), શિવનગર (સિંધ), આયડ (ઉદયપુર પાસે), ચિત્રકુટ (ચિત્તોડ), મથુરા, લાહોર, તક્ષશિલા, ઉજ્જૈન, રતનપુર, ખંભાત, ભરૂચ, પાટણ જેવા અનેક સ્થળોએ વિક્રમની ૧૦મી સદી સુધીમાં સ્થાયી થઇ ચૂક્યા હતા.

ઉપરોક્ત લેખમાં કચ્છી ઓશવાલોનાં કોઇ ગોત્રની નોંધ નથી કારણ કે મોટા ભાગનાં કચ્છી ગોત્રોનો ઉદ્‌ભવ વિક્રમની ૧૧મી સદી બાદ થયેલો છે. વિક્રમ સં. ૧૧૬૯માં વિધિપક્ષ અચલગચ્છની સ્થાપના આ. આર્યરક્ષિતસૂરિએ કરી. પ્રથમ શ્રાવક ભાલેજના યશોધન ભણશાલી થયા. આ. આર્યરક્ષિતસૂરિ તથા ત્યાબાદના આ. જયસિંહસૂરિ તથા ધર્મઘોષસૂરિએ સિન્ધ, થરપારકર, મારવાડમાં વિચરી અનેક અજૈનોને જૈન બનાવ્યા. જયસિંહસૂરિએ લક્ષ ક્ષત્રિય પ્રતિબોધકનું બિરૂદ મેળવ્યું. આપણાં મોટા ભાગના ગોત્રો આ ત્રણે આચાર્યોએ સ્થાપેલ છે. જેની વિગતો આપણે આગળ જોઇશું.

- ક્રમશઃ

# મોતિયા વિશે બધું જ !

આંખ વિશે નાનપણથી જ આપણે ખૂબ સચેત રહીએ છીએ પણ ઉંમર વધતાં જ આંખને મોતિયા કે મોતીબિંદુ જેવી મુસીબત નડે છે એ કોઈ બીમારી નથી, પણ ઉંમર વધતાં આવતી એક શારિરીક અવસ્થા છે.

ઉંમર વધતાં વાળ સફેદ થાય છે, તેમ મોતિયો થવો એ સહજ છે. મોટે ભાગે મોતિયો ૫૦ વર્ષની આસપાસ દેખા દે છે, પણ કોઈવાર ડાયાબિટીસ, આઘાત, ધૂમ્રપાન, યુવી લાઈટ કે આંખના બીજી રોગને લીધે જલ્દી તકલીફ આપી શકે. આવા જલ્દીથી દેખા દેનારા મોતિયા, આંખના બીજા કોઈ રોગનું ચિહન પણ હોઈ શકે. પ્રિમેચ્યોર અને વહેલાં જન્મેલ બાળકોમાં મોટે ભાગે આંખના પડદા - રેટીનાની તકલીફ થતી હોય છે, જે બાદમાં મોતિયા તરફ વળે છે.

આપણી આંખમાં કુદરતી લેન્સ હોય છે, જે પ્રોટીનથી બનેલો હોય છે અને પારદર્શક હોય છે. ઉંમર વધતાં આ લેન્સની પારદર્શકતા ઓછી થઈ જાય છે. આ આવરણને જ મોતિયો કહેવાય છે. એ સફેદ રંગનું હોય છે અને કીકીમાં ગોળ મોતી સ્વરૂપે દેખાય છે.

મોતિયાના લક્ષણોમાં ૧) દૂરની દષ્ટિમાં તકલીફ થવા લાગે છે. ચશ્મા હોય તો તેના નંબર વારંવાર બદલાય છે. ૨) નજીકનું વાંચવાના નંબર જતા રહે છે. ૩) ડબલ વસ્તુ દેખાવી કે વસ્તુનો પડછાયો દેખાવો. ૪) વસ્તુઓ ઝાંખી કે જૂની લાગે છે. ૫) સ્પષ્ટ તસ્વીર કે વસ્તુ ન દેખાવી. ૬) વાંચવામાં તકલીફ થવી. ૭) કાર કે બીજા વાહનોની હેડલાઈટનો રાત્રે ત્રાસ થવો. ૮) સફેદ કલર ઝાંખો કે પીળાશ પડતો લાગવો.

આમ ધીમે ધીમે દષ્ટિમાં તકલીફ ઊભી થાય છે અને વધેલા ચશ્માના નંબર સમજી મોતિયા તરફ ધ્યાન નથી અપાતું. બહુ જૂજ કિસ્સામાં મોતિયો ન કાઢવાથી આંખના બીજા રોગ થાય છે. મોતિયાની સારવારમાં ચશ્માના નંબર બદલાવી યોગા જેવી થેરપી દ્વારા થોડા સમય માટે સર્જરી લંબાવી શકાય, પણ સારી દષ્ટિ તેમ જ ચશ્માનું અવલંબન છોડાવવા માટે મોતિયાનું ઑપરેશન અત્યંત જરૂરી છે. ૪૦ વર્ષની ઉંમર બાદ વર્ષમાં એક વાર જરૂર આઈ સ્પેશીયાલીસ્ટ પાસે આંખ તપાસવી જરૂરી છે. લોકો ચશ્મા બનાવનાર પાસે જ નંબર ચેક કરાવી લે છે, જે બરાબર નથી.

હાલમાં થતી ફેકો ઈમલ્સીફિકેશન નામની આધુનિક સર્જરીમાં, ૨.૮ મિલીમીટર જેટલું નાનું છિદ્ર પાડી આ મોતિયાવાળા લેન્સને ભૂકો કરી બહાર કાઢી લેવામાં આવે છે. અત્યંત કુશળતા માંગી લે એવી આ પ્રક્રિયામાં લગભગ ૩૦-૪૦ મિનિટમાં મોતિયાવાળા લેન્સની જગ્યાએ ફોલ્ડેબલ લેન્સ પણ બેસાડાય છે અને દર્દી લગભગ તે બાદ દોઢ કલાકમાં ઘરે જઈ શકે છે. મોતિયો ત્રણ પડથી બનેલો હોય છે. પહેલાં પડને સાવધાનીથી ઉખેડી વ્યવસ્થિત રખાય છે, જેથી એના દ્વારા ફોલ્ડેબલ લેન્સને પકડી રખાય ત્યારબાદ અંદરના બે પડને વીંધી ભૂકા બનાવી શોષી લેવાય છે. આ જ વખતે નાના સાધન દ્વારા ચણાની પૂડીની જેમ લેન્સને અંદર દાખલ કરી પહોળો કરવામાં આવે છે અને કુદરતી લેન્સની જગ્યાએ બેસાડાય છે. આ પ્રક્રિયા દરમ્યાન અત્યંત સ્વચ્છતા જાળવવી પડે છે. સર્જરીના લગભગ થોડા જ કલાકોમાં દર્દીને દેખાતું થઇ જાય છે.

એકવાર એનું નિદાન થયા બાદ તરત મોતિયાનું ઑપરેશન કરાવી લેવું જોઈએ. જો રોજીંદા જીવનમાં જોવામાં તકલીફ થતી હોય, આંખના કોર્નિયાને લગતી બીજી કોઈ તકલીફ હોય, ડાયાબિટીસ હોય તો મોતિયાનું ઑપરેશન વહેલું કરાવી લેવું હિતાવહ છે. ઉનાળા કે શિયાળામાં ઑપરેશન કરાવી શકાય. જેમની દવાઓમાં સ્ટેરોઈડ્સનો વપરાશ વધુ હોય એમણે મોતિયાની તપાસ કરાવતા રહેવું જરૂરી છે.

મેડીક્લેઈમ પૉલિસી લેતી વખતે એની શરતો, મોતિયાના ઑપરેશન માટે અપાતો ખર્ચ વિશે વિગતવાર ચર્ચા વીમા એજન્ટ સાથે જરૂરથી કરવી જોઈએ. કારણ કે એમ ન કરવાતી કેટલીકવાર વીમા કંપનીના કાયદાઓ જુદા જુદા હોવાથી પુરતું વળતર મળતું નથી. સરેરાશ આયુષ્ય ભોગવનાર દરેકને મોડાવહેલાં મોતિયાનું ઑપરેશન કરાવવું જ પડે છે, તેથી મેડીક્લેઈમ લેતી વખતે એ બાબતનું ધ્યાન રાખવું જરૂરી છે. કેશલેસ વ્યવસ્થા મેડીક્લેઈમમાંથી કાઢી નંખાઈ છે. કારણ કે કેશલેશની પ્રક્રિયા કરવાનો સમય ખૂબ જ ટુંકો હોવાથી, તેને રદ્ કરવામાં આવેલ છે, જેથી કેશલેશની સુવિધા ઉપલબ્ધ નથી. મોતિયાનું ઑપરેશન એક જ વાર કરી શકાય છે તેથી શરીરના આ અતિ સંવેદનશીલ અવયવની ઉત્તમ સારવાર થાય એ ઈચ્છનીય છે. તેથી હવે મોતિયાનું ઑપરેશન કેશલેસ વ્યવસ્થામાં સામેલ નથી. સારો ખોરાક, કાળા ચશ્માનો તડકામાં ઉપયોગ, અલ્ટ્રાવાયોલેટ કિરણોથી બચવા યોગા જેવા અને ઉપાયો મોતિયાને રોકી શકતા નથી. પણ વધવાની ગતિ ધીમી પાડી છે. મોતિયો કઢાવેલ દર્દી, ડાયાબિટિસના દર્દી, ગમે તેટલા ચશ્માના નંબર ધરાવનાર વ્યક્તિ નેત્રદાન કરી શકે છે તેથી મૃત્યુ બાદ નેત્રદાન જરૂર કરશો જ.

**- કુલિનકાંત ચાંપસી લુઠીયા, ડૉ. જે. પી. ખોના**

(માનવ જ્યોત - 98200 39469)



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

**સુજ્ઞ દાતાશ્રીઓ, જ્ઞાતિજનો, સંઘો, ટ્રસ્ટો, મંદિરો, શુભેચ્છકો,**

વર્ષ ૨૦૧૯ ની આખર છે. નુતનવર્ષ ૨૦૨૦ની આપ સૌ ને જખૌ પાંજરાપોળ અને ટ્રસ્ટીગણની હાર્દિક શુભેચ્છા. જીવદયા સહ સમાજના દરેક શુભ કાર્યમાં આપનો ઉદાર સહયોગ મળતો રહે તે શુભ કામના.

જખૌ પાંજરાપોળ ના વર્ષ ૨૦૧૮-૧૯ ના ઓડીટેડ હીસાબ, રીપોર્ટ તથા અહેવાલ મોકલવામાં આવેલા છે. દુષ્કાળ અને મોઘવારીના કારણે નિભાવ ખર્ચ ખૂબ વધી ગયેલ છે (અંદાજે વર્ષમાં રૂા. ૫૦-૫૫ લાખ). આશ્રિત પશુઓની સંખ્યા પણ વધતી જાય છે. આપ સૌના ઉદાર દાન સહયોગ થી વધતા ખર્ચ ને પહોચી શક્યા તથા અછત અને દુષ્કાળની ખૂબ વિકટ પરિસ્થિતિમાં પશુઓને પૂર્ણ પણે ઉગારી શક્યા. ગુજરાત સરકાર તરફથી પણ યોગ્ય ઉત્તમ સહાય મળી. હાલમાં, ૨૫૫ - પશુ આશ્રય લઈ રહ્યા છે અને સંખ્યા વધતી જાય છે. આપ સૌ ના સહયોગ નો વિશ્વાસ છે.

**નીચે મુજબ દાન સહાય મળેલ છે.**

૧) રૂા. ૨૫,૦૦૦/- શેઠ દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મ સ્થાનક, ચીંચપોકલી, મુંબઈ. - ૨) ૧૫,૦૦૦/- સુસાધ્વી શ્રી મહોદય શ્રીજી ના શિષ્યા સાધ્વી શ્રી યશોદય શ્રીજી ના શિષ્યા સાધ્વી શ્રી હર્ષનિધિ શ્રી આદિઠાણાની પ્રેરણાથી જીવદયા ભેટ. - ૩) રૂા ૫,૦૦૦/- રોકડા એક સદગ્રહસ્થ, જખૌ - ૪) રૂા. ૫,૦૦૦/- શ્રી શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘ. - ૫) રૂા. ૩,૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઘાટકોપર. - ૬) રૂા. ૩,૦૦૦/- શ્રી ગાયત્રી મંદિર, હ. હર્ષાબેન, જખૌ.

**ભેટ ની વિગત :**

૧) જુવાર ચારો કડબ મણ - ૧૪૩, કીલો - ૫,૭૨૦, હ. શા હીરાચંદ શામજી મોમાયા, જખૌ, (રૂા. ૨૮,૬૦૦/-). - ૨) ભૂસો ગુણી-૬, સ્વ. મહેશભાઈ જીવરામ ભાનુશાલી, જખૌ, (રૂા. ૫,૦૦૦/-). - ૩) ભૂસો ગુણી-૨, શ્રીમતી માલતીબેન રાજેન્દ્ર દંડ, લાલા, જખૌ,(રૂા. ૧,૬૦૦/-).

**દાતાઓ નો ખૂબ ખૂબ આભાર, અનુમોદના.**

પશુચારાની આવક શરૂ થઇ છે. ચાલુ વપરાશ તથા સ્ટોક માટે ખરીદી કરવી જરૂરી છે. દાતાઓને દાન માટે વિનંતી છે. દાન રોકડા, ચેક, NEFT/RTGS, બેંક ખાતામાં ટ્રાન્સફરથી સ્વીકારાય છે.

**વાર્ષિક સહાય યોજના - ૨૦૨૦ :**

એક મહિનાના રૂા. ૧,૦૦૦/- ના દાન લેખે એક વર્ષ ના રૂા. ૧૨,૦૦૦/-નું દાન સ્વીકારની યોજના વર્ષ ૨૦૨૦ દરમ્યાન પણ અમલમાં જાહેર કરેલ છે. દાન એક સાથે/હપ્તા માં આપી શકાય છે. આ યોજનાને દાતાઓનો ઉત્સાહ પ્રેરક આવકાર મળેલ છે.

**રૂા. ૫૦,૦૦૦/- અને તેથી વધારે નું દાન/ભેટ :**

૧ વર્ષ દરમ્યાન, રૂ. ૫૦,૦૦૦/- અને તેથી વધારે નું દાન/ભેટ/સહાય આપનાર દાતાઓના નામ સંસ્થા દ્વારા ગ્રેનાઇટની તક્તિમાં લખી પાંજરાપોળમાં લગાડવાનું નક્કી કરેલ છે.

**વર્ષ ૨૦૧૬ - ૨૦૧૭ - ૨૦૧૮ ના દાનની તક્તિ લગાડી દીધેલ છે.**

જખૌ જનાર યાત્રિકોને ૧૫૦ વર્ષ પહેલાં શેઠ ભીમશી રતનશી અને શેઠાણી પૂન્જા મા દ્વારા સ્થાપિત પાંજરાપોળની મુલાકાત લેવા વિનંતી છે.

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**સર્વે દાતાઓની અનુમોદનાસહ ખૂબ ખૂબ આભાર**

**Banking Details :** **Name :** Sri Jakhau Panjrapol Trust

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

## આ અબ લૌટ ચલે

– **પ્રવીણ લોડાયા,** વડોદરા

અબડાસાના છેવાડે આવેલા અને માંડ ચાર ઘરની વસતી ધરાવતા બાંડિયામાં ભવ્યતિભવ્ય ઠાણા-ઓઠાણાનો વરઘોડો જોઇને મોમાં આંગળીઓ નાખી દેવાનું કોને મન ન થાય ? જ્યાં આજે પણ, માળિયું, ઓટલો ને ઉંબરો દેખાય છે. ઘર છે ને ઘરમાં કરઇ ઓસરી છે.

પુ. જયધર્માશ્રીજી મહારાજ સાહેબે કહ્યું મારા ૪૦ વર્ષના દીક્ષા પર્યાયમાં ઠાણા-ઓઠાણનો આવો ભવ્ય કાર્યક્રમ મેં ક્યારેય જોયો નથી. મારા ગુરૂમહારાજ પુ. જયલક્ષ્મીશ્રીજી મ. સાહેબની જન્મભૂમિ જોવાની વર્ષોની ઈચ્છા પુરી થઇ જેનો શ્રેય બાંડિયા મહાજનના પ્રમુખ શ્રીમતી હંસાબેન હીરાચંદ પટેલને જાય છે. મેં કહેલા એક જ શબ્દનો પડકાર એમણે ઝીલી લીધો અને તેરા મહાજનના સહકારથી સમારંભને સાકાર કર્યો.

બાંડિયામાં મહિલા સશક્તિકરણનો દાખલો જોવા મળ્યો. બાંડિયા મહાજનના પ્રમુખ શ્રીમતી હંસાબેન પટેલના એકજ અવાજથી સમગ્ર પટેલ પરિવારના તેમજ બાંડિયાના અગ્રણીઓ હાજર થઇ ગયા અને સમારંભને ભવ્ય સ્વરૂપ આપ્યું. બાંડિયામા ફક્ત હજાર માણસની વસતી છે. જેમાં ૫/૭ અલગ અલગ જ્ઞાતિઓ છે. તેના દરેક અગ્રણીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો. અને સ્વામિ વાત્સલ્યનો લાભ લીધો અને શ્રીમતી હંસાબેનને સન્માનપૂર્વક અભિનંદન આપ્યા. આવા નાના ગામમાં હંસાબેનનો રૂતબો જોઇને બીજા મહાજનોના પ્રમુખ સ્થાને બીરાજેલી મહિલાઓની યાદ આવી.

આપણી જ્ઞાતિના ૧૦૦/૧૨૫ મહાજનોના ફક્ત ૪ મહાજનોમાં જ મહિલા પ્રમુખ છે. કોઇમ્બતુર, ચેન્નાઇ, પુના અને બાંડિયા. આ દરેક ગામમાં વસતા આપણા ભાઇ-બહેનો હળીમળીને રહે છે. ચેન્નાઇમાં શ્રીમતી જયશ્રીબેન ગંગાજર લોડાયા સુચારૂ રૂપથી મહાજન ચલાવી રહ્યા છે. પુનામાં મહાજનના પ્રમુખપદે રહી ચુકેલા શ્રીમતી હીનાબેન રતાણીએ પુના મહાજનને જ્ઞાતિ મહાજનોમાં પ્રથમ હરોળમાં લાવી મુક્યું હતું. આજે પુના મહાજન એક પ્રગતિશીલ મહાજનમાં ગણાય છે.

તેવીજ રીતે ૫૦૦ થી ૬૦૦ નું સંખ્યાબળ ધરાવતાં બાંડિયા મહાજનને એક તાંતણે શ્રીમતી હંસાબેન પટેલે બાંધી રાખ્યું છે જે નારી શક્તિનું ગૌરવ છે.

મને લાગે છે કે હવે સમય આવ્યો છે કે દરેક મહાજનમાં શક્તિશાળી મહિલાઓને મહાજનનું સુકાન સોંપવું જોઇએ. અત્યારે આપણે જોઇએ છીએ કે એ જ છાપેલા કાટલાં દરેક મહાજનમાં અડ્ડો જમાવીને બેઠા છે. નવી પેઢીને આગળ આવવા નથી દેતા.

ઘણા ઠેકાણે સત્તા વગર પણ જ્ઞાતિજનો સેવાભાવથી કાર્ય કરી રહ્યા છે. દા.ત. વડોદરામાં આ વર્ષે શ્રી નરેન્દ્ર દામજી મોમાયા (જખૌ)એ સંપૂર્ણ ચાતુર્માસમાં સુંદર સેવા આપી હતી. એમને જરા પણ સત્તાનો મોહ નથી. આવા સેવાભાવી સજ્જનો જ્ઞાતિને મળી જાય તો જ્ઞાતિ ઝડપથી આગળ વધી શકે.

હવે આવીએ આજના હેડીંગ ઉપર વડીલોને પાછલી જીંદગી જો શાંતિથી રાખવી હોય તો હવે કચ્છ પાછા ફરવું જોઇએ. આપણા પૂર્વજોએ આપણા માટે ભવ્ય દેરાસરો બનાવ્યા જેની જાળવણી કરવાની હવે આપણી ફરજ છે. કચ્છમાં સુંદર ભોજનશાળાઓ અને અતિથિગૃહ શ્રીમંતોએ બનાવ્યા છે. પોલ્યુશનના વાતાવરણથી બહાર નિકળવું હોય, ચોખ્ખી હવા ખાવી હોય અને તંદુરસ્ત રહેવું હોય તો ખરેખર કચ્છ પાછા ફરવું જોઇએ. હમણાં કચ્છ પાછા ફરનારાઓના બે દાખલા જોવા મળ્યા.

તેરામાં શ્રી મહેન્દ્રભાઇ જેઠાભાઇ ખોના અને શ્રી પ્રવીણભાઇ નારાણજી દંડ. આ બન્નેએ ખરેખર તેરા દેરાસરજી, પાંજરાપોળ, ભોજનશાળા અને અતિથિગૃહ સંભાળવામાં સિંહ ફાળો આપ્યો છે જેની ભુરી ભુરી અનુમોદના કરવી જ રહી. આપણે એમના જેવા ધર્મમય ન થઇ શકીએ પણ ઇતર પ્રવૃત્તિમાં તો ભાગ લઇ શકીએ ભોજનશાળા અને પાંજરાપોળમાં સેવા આપી શકીએ. વહિવટ પર ધ્યાન આપી શકીએ.

એવી જ રીતે બાંડિયાના અમદાવાદમાં રહેતા ભાઇ શ્રી નરેન્દ્ર રાઘવજી લોડાયાએ પોતાનું જીવન બાંડિયાને સમર્પિત કર્યું છે. બાંડિયામાં આજે નરેન્દ્રભાઇ લોડાયા ન હોત તો આવો ભવ્ય પ્રોગ્રામ થવો અશક્ય હતો. સ્થાનિક રહેવાસી

### માનદ્ પ્રતિનિધિ નીમવા છે

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

**સંપર્ક :**

હીરાચંદ દંડ – **7738508150,**

ઉદયન શાહ – **8779647886,**

ઇમેલ : **kdoprakash@gmail.com**

તરીકે તેમણે અને મૂળ સાંયરાના ભાઈશ્રી મહેન્દ્ર રતનશી મોમાયાએ ખૂબ મહેનત કરી. એક બાજુ જો આ બન્નેએ સંભાળી ન હોત તો આવો ભવ્ય પ્રોગ્રામ થવામાં મુશ્કેલી પડત.

આપણા પૂર્વજોએ આટલા સુંદર અને ભવ્ય દેરાસરો આપણા માટે બાંધ્યા છે તો તેને સાચવવાની જવાબદારી આપણી છે. જો આપણે જવાબદારી નહીં સ્વિકારીએ તો આપણા વડિલો અને ધર્મનો આપણે દ્રોહ કરી રહ્યા છીએ એમ નથી લાગતું !

આ માટે આપણા શ્રીમંતો અને સમાજ સેવકોને નમ્ર અપીલ છે કે તેમણે જ્ઞાતિના નિવૃત્ત વડિલોને દરેક ગામમાં સ્થાઈ કરવા જોઈએ. તેમના રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા કરવી જોઈએ. અબડાસામાં ઘણા ઘર બંધ પડ્યા છે. તેમાં થોડું મેન્ટનન્સ કરીને રહેવા લાયક બનાવવા જોઈએ. તો જ મુંબઈના અને દેસાવરોના પોલ્યુશનના વાતાવરણથી વડિલોને છુટકારો આપી શકશું. પોતાના પાછલા જીવનને આનંદિત બનાવવા અને માદરે વતનને સુંદર બનાવવા આપણે સહુ અમુલ્ય ફાળો આપી શકીશું.

**હમ તો જાતે અપને ગાંવ,**

**સબકો રામ રામ રામ, સબકો રામ રામ રામ...**


# સોનથરી લેડીઝ વિંગ

ના ઉપક્રમે

હેલ્લારો પીક્ચર જોયા બાદ ડીનરની મજા બધાએ માણી,

અને હવે ચાલો "**સાકાર ઈકો વિલેજ રીસોર્ટ**"

કુદરતના ખોળે નયનરમ્ય વાતાવરણમાં, ખુશનુમા

ગુલાબી ઠંડી માણવા, આ અવસર છોડવા જેવો નથી.

**તા. ૧૮-૧-૨૦૨૦ શનિવાર થી તા. ૧૯-૧-૨૦૨૦ રવિવાર**

શનિવાર સવારના ૫.૩૦ વાગે બસમાં જશું

તથા રવિવાર રાતના પાછા આવશું.

| | |
|---|---|
| **સભ્ય બહેનો માટે** | **રૂા. ૩૧૦૦/-** |
| **મહેમાન માટે** | **રૂા. ૪૦૦૦/-** |
| **૬-૧૨ વરસના બાળકો માટે** | **રૂા. ૨૦૦૦/-** |

ભરવાના રહેશે. દરેક ભાઈઓ - બહેનો આવી શકે છે.

-:: સંપર્ક ::-

| | |
|---|---|
| **નીના સાયલા** | **- 90228 76713** |
| **સરોજબેન લોડાયા** | **- 76665 74620** |
| **નયના મોમાયા** | **- 98701 70710** |
| **કાંતા છેડા** | **- 98337 09129** |



।। જય જય શ્રી મોમઈ માતા ।।

## શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ (વરાડીયા)

# પહેડી આમંત્રણ

**વરાડીયા ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીની**
**આગામી સળંગ ૨૮મી પહેડીનું આયોજન**

સંવત : ૨૦૭૫ મહાસુદ-૮ ને રવિવાર તા. ૦૨-૦૨-૨૦૨૦ના કરેલ છે.

**લાભ લેનાર દાતાશ્રી**

**માતુશ્રી સરલાબેન પ્રતાપભાઈ ડાગા પરિવાર (મુલુંડ)**

**શુભ સ્થળ :** પ્રેસીડેન્સી હૉલ, ૧લે માળે, બોમ્બે પ્રેસીડેન્સી ઈન્ટરનેશનલ સ્કૂલ, (ઠાકુરનગર વિદ્યા મંદિર સ્કૂલ) જે.પી.એમ. સોસાયટી સામેની ગલ્લી (કોર્નર), સંત રામદાસ રોડ, મુલુંડ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૮૧.

**-: શુભ પ્રસંગો :-**

| | |
|---|---|
| **સ્થાપના જુહાર** | : સવારના ૯.૦૦ કલાકે |
| **ભક્તિ ભાવના** | : સવારના ૯.૩૦ કલાકેથી |
| **નૈવેદ્ય આરતી** | : સવારના ૧૧.૪૫ કલાકે |
| **પહેડી પ્રસાદ** | : બપોરના ૧૨.૧૫ થી ૧.૧૫ સુધી |

**નોંધ :** પહેડીમાં વરાડીયા ઉપરાંત નલીયા, તેરા, સુથરી તથા ગોએરસમા ડાઘા કુળના સહુ ભાવિકોને તથા સહ નિયાણીઓને સજોડે પધારવા સહર્ષ આમંત્રણ છે.

**ભક્તિ ભાવના : શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ, વરાડીયા તથા શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ ભણાવશે.**

**ખાસ નોંધ :** કૃપા કરી પહેડીમાં કાળા વસ્ત્રો પરિધાન કરશો નહિં.

આપના આગમન પથ ઉપર રાહ જોનાર :

**શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ (વરાડીયા) અને**
**માતુશ્રી સરલાબેન પ્રતાપભાઈ ડાગા પરિવાર**

**નોંધ :** વર્ષમાં એકવાર પહેડી માટે સમય કાઢી સમયસર પધારશો એજ નમ્ર વિનંતી.

**પહેડી બાદ આગામી કાર્યક્રમ - ધજા**

**ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા દેવસ્થાનથી ધજારોહણનો કાર્યક્રમ તા. ૨૮-૦૩-૨૦૨૦ થી ૨૯-૦૩-૨૦૨૦**

**ડાઘા ભાવિકો ખાસ ધ્યાન આપશો :** સંવત ૨૦૭૬ ચૈત્ર સુદ-૫ને રવિવાર તા. ૨૯-૩-૨૦૨૦ના દિને વરાડીયા સ્થાનિકે ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી મંદિર તથા શ્રી દાદા ભલારા દેવાલયનો ધ્વજારોહણનો કાર્યક્રમ યોજેલ છે. તો આપશ્રી સહુ સહકુટુંબ વરાડીયા પોતાની રીતે ટિકિટો કઢાવીને તા. ૨૮-૩-૨૦૨૦ શનિવારના સવારના પહોંચી આવશોજી. તા. ૨૮-૩-૨૦૨૦ના સાંજે શ્રી ભલારાદાદાનો પાઠ રહેશે તથા રાત્રે માતાજીની ભક્તિભાવના થશે તેમજ તા. ૨૯-૩-૨૦૨૦ રવિવારના ધ્વજારોહણનો કાર્યક્રમ સાથે સમુહપહેડી પ્રસાદ રહેશે. તો આપશ્રી સહુ બહોળી સંખ્યામાં સહભાગી થવા જરૂરથી પધારશોજી.

**નોંધ :** આપના આગમનની જાણ અમોને અગાઉથી કરશો જેથી સ્થાનિકે જરૂરી વ્યવસ્થા થઈ શકે.

**ખાસ નોંધ :** તા. ૨૮-૩-૨૦૨૦ના ભલારા દાદા પાઠ માટે તથા તા. ૨૯-૩-૨૦૨૦ના શ્રી મોમઈમાનીપહેડી માટે દાતાશ્રી આવકાર્ય છે. તો જરૂરથી આ અનેરો લાભ લેશોજી.

**શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ - વરાડીયા વતી**
**પદાધિકારીઓના જય માતાજી-જય ભલારા**
**સંપર્ક : 9004391412**

## કૌટુમ્બિક મેળાવડો પરિવારજનોને નિકટ લાવવાનો સુંદર પ્રયાસ



આજે આર્થિક કારણો, મોબાઈલ મારફત સંપર્ક અને રહેઠાણના લીધે એકજ પરિવારના સભ્યો વચ્ચે કોમ્યુનિકેશન ગેપ વધી રહ્યો છે. એના પરિણામે સ્નેહના તંતુ નબળા પડી રહ્યા છે. એવા સમયે સ્નેહના તાંતણા મજબૂત બનાવવાનો એક શાનદાર પ્રયાસ તાજેતરમાં માતુશ્રી રતનબેન ત્રીકમજી રાયશી મોતા પરિવારે હાથ ધર્યો હતો.

સુથરીના આ મોતા પરિવારે દેવલાલી ખાતે અનંત આરોગ્ય નિધિ સંકુલમાં ત્રણ દિવસનો એક પારિવારિક મેળાવડો યોજ્યો હતો. એમા યુવા, પ્રૌઢ સહિત ચાર પેઢીના કુલ ૧૪૪ સભ્યોમાંથી ૭૫ સભ્યો સહભાગી થયા હતા. મનોરંજન, પારસ્પરિક મુલાકાત ઉપરાંત ધાર્મિક પર્યટન યોજી આનંદ માણ્યો. ક્યારેક જ મળતા આ પરિવારજનો માટે આ મેળાવડો પિકનિક કમ આનંદયાત્રા બની ગયો. બધા જ પરિવારજનો એક બીજાની નજીક આવ્યા. પરસ્પરના વ્યવસાય, શોખ, અભ્યાસ વગેરેની બાબતો શેર કરી. ખાસ કરીને મોબાઈલ મારફત સંપર્કમાં રહેતા યુવાન સભ્યોને આમાં ખૂબ રસ પડ્યો અને વારંવાર આવો મેળાવડો યોજવાનો મનસૂબો વ્યક્ત કર્યો.

આપણી જ્ઞાતિના વિવિધ કારણે એક બીજાની નિકટ સંપર્કમાં ન આવી શકતા પરિવારો આ પ્રકારનું આયોજન કરે એની ખાસ જરૂર જણાય છે. માત્ર પોતાના પરિવાર સાથે યાત્રા સહેલ ગાહે ન જતા બૃહદ પરિવારના સભ્યોને પણ સાથે લઈ આવી પિકનિક કે મેળાવો યોજવા જેવો ખરો !

**– દીપક માણેકજી લોડાયા,** સાંયરા–મુલુંડ

---

## હાથનો દુઃખાવો – ફ્રોઝન શોલ્ડર

ફ્રોઝન શોલ્ડર થવાનું કારણ અલગ અલગ હોય છે. રોગના મૂળમાં જઈએ તો ગરદનના ત્રીજા, ચોથા, પાંચમા મણકાની વચ્ચે દબાઈ જતી નસ હોય છે.

ખભા અને હાથને તંદુરસ્ત રાખવામાં મુખ્ય સ્નાયુ, નસ અને કોષ ભાગ ભજવે છે. હાથ અને ખભાને હલન ચલન માટે સાત સાંધા હાથના હલન ચલન અને ઉપયોગમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. આ સાંધાઓમાંથી કોઈપણ એક સાંધામાં ખામી ઉત્પન્ન થતા હાથના કાર્યમાં પણ અવરોધ ઉત્પન્ન થાય છે. જો સાંધાઓ વધારે પડતા જડ થઈ જાય તો ખામીથી હલન ચલન અટકી જાય છે. મોટા ભાગના દુઃખાવા સર્વાઈકલ વર્ટીકલ સબલકેશ્ન એટલે ગરદનના મણકા ખસી જવાથી થાય છે. મણકો પોતાની મૂળ જગ્યાએ હોય ત્યારે ત્યાંથી થોડો ખસીને શરીરને હલન ચલન કરવામાં મદદ કરે છે અને પાછો પોતાની મૂળ જગ્યાએ આવી જાય છે. પરંતુ કોઈ વખત ઓચિંતા ધક્કા – આંચકા, ઈજા કે અન્ય કારણથી તેની ખસવાની હદથી થોડો વધારે ખસી જાય છે અને મણકો પોતાની મૂળ જગ્યા હોય ત્યાં પાછો આવી શકતો નથી તેને સબલકેશ્ન થયેલો મણકો દબાણ લાવે છે તેનાથી લોહીના પરિભ્રમણમાં અડચણ ઉભી થાય છે, નસની શક્તિ સ્થગીત બને છે અને હાથનું કાર્ય મુશ્કેલ બને છે.

**કારણો :** ૧) સર્વાઈકલ સ્પોન્ડીલાઈટીસની જૂની તકલીફ. ૨) ગરદનના છેલ્લા અને પીઠના પહેલા મણકાના જોડાણ પર ગઠ્ઠો જામી જવો. ડોક ફેરવતા કટ કટ અવાજ આવવો. ૩) પીઠ અકડાએલી રહેવી. ૪) સ્ત્રીઓમાં મોનોપોઝ અને હોર્મોનલ ઈનબેલેન્સ. ૫) ટુ વ્હીલરની લાંબી મુસાફરી, ૬) મોડી રાતનું ભોજન અને ચટપટું ખાવું. ૭) મોડી રાત સુધી જાગવું, અપૂરતી ઉંઘ, નાની વાતમાં ચિંતા, ગુસ્સો. ૮) બેઠાડુ જીવન શૈલી, કસરતનો અભાવ. ૯) ગેંસ, એસીડીટી, કબજીયાત.

**સારવાર :** ૧) તીખું–તળેલું–ખાટું–લીંબુ–કોકમ–આમલી ન ખાવું. ૨) પેટ સાફ આવે અને ગેંસ છૂટે. ૩) પીઠ બાવડામાં માલીશ; ટ્રેકશન મદદ કરે છે. ૪) દુઃખાવાના ભાગ પર ટોવેલ રાખી ગરમ પાણી છોડવું. ૫) કસરત અને ખોરાકમાં ફેરફાર જરૂરી. ટ્રીટમેન્ટ માટે કેટલો સમય લાગશે, વ્યક્તિગત જોયા પછી કહેવામાં આવે છે.

દર રવિવારે ૨૧, ભુલસ બિલ્ડીંગ, ખેતવાડી બેક રોડમાં ફ્રી કેમ્પ સવારે ૧૦ થી ૧૨ ચાલૂ છે.

**– ડૉ. સોનલ મોતા,** મો. 9833099110

---

### જાગો, કલ્પવૃક્ષ ગ્રાહક જાગો

કલ્પવૃક્ષ સ્કીમમાં જેમણે પૈસા રોક્યા હોય, એના ઓરિજિનલ સર્ટીફિકેટ તમારી પાસે હોય તો દિલ્હીમાં જે કેસ ચાલી રહ્યો છે તેમાં જોડાવા માટે તમને એક તક આપવામાં આવેલ છે. રેફીએશન કમિશન દ્વારા ૨૦–૧૧–૨૦૧૯ના પબ્લીક નોટીસ આપવામાં આવી છે. જાહેરાતનો હેતુ : કોઈ કારણસર તમારો ક્લેઈમ રહી ગયેલ હોય તો તમને એક તક આપવાનો છે. તમારે કોઈ કોર્ટ કેસનો ખર્ચ આપવાનો નથી એમ શ્રી ચંદ્રહાસ ખોનાએ જણાવ્યું છે.

વધુ વિગત માટે વોટ્સએપ નં. **90043 92460.** **– લક્ષ્મી ખોના**

## મતદાન... હક... ને ફરજ...




મતદાન આપણો હક અને ફરજ છે. સાચા, સારા, પ્રામાણિક, મહેનતુ ને જ્ઞાતિ દાઝવાળા યોગ્ય વ્યક્તિને કોઇપણ જાતની શેહ-શરમ, દેખા-દેખી, લાગવગ કે દબાણ વગર, અચૂક ભુલ્યા વગર, આળસ ખંખેરીને સમયસર જરૂરથી મતદાન કરવું જ જોઇએ. દાન ઘણા જ પ્રકારના છે, મતદાન પણ એક પ્રકારનું દાન જ છે. જ્ઞાતિની ઘણી જ સંસ્થાઓ છે. સંસ્થા માટે સાચા, સારા અને સમયની સાથે તન-મન-ધનનો ભોગ આપી શકનારા માનદ્ સેવાભાવી કાર્યકરોની ખરેખર ખૂબજ જરૂરત છે. સૌથી પહેલાં સંસ્થાના સભ્યો છો કે નહીં ? ચેક કરી સભ્ય ન હો તો સમયસર સભ્ય બની જાઓ. સાથે સાથે સંસ્થાની કોઇપણ પ્રકારની લેણી રકમ નીકળતી હોય તો ફરજ સમજીને વહેલામાં વહેલી તકે ચક્રવતી વ્યાજ સાથે રકમ ભરપાઇ કરીને સંસ્થાના ઋણમુક્ત થાઓ. આપશ્રીની આવેલ રકમમાંથી સંસ્થાના ઘણાં જ સુકૃત કાર્યો થઇ શકશે. દાતાશ્રીઓનો એક એક રૂપિયો જ્ઞાતિજનો માટે વિવિધ યોજનાઓમાં સમયસર સદ્ઉપયોગ કરવાનો છે.

૨૧મી સદી તરફ પ્રસ્થાન કરી રહ્યા છીએ ત્યારે સંસ્થાઓની સાથે સાથે આપણે સહુએ પણ અપડેટ થવાનું જ છે. જ્ઞાતિની કોઇપણ સંસ્થામાં આપણે દાખલ થઇએ ત્યારે નીચે મુજબના મુદ્દાઓ ખુબજ અગત્યના ને જરૂરી છે : (૧) માનસિક સ્થિતિ સારી વ્યવસ્થિત હોવી જોઇએ. (૨) શારીરિક રીતે સક્ષમ હોવા જોઇએ. (૩) સંસારિક સુગમતા હોવી જોઇએ. (૪) આર્થિક પરિસ્થિતિ વ્યવસ્થિત હોવી જોઇએ. (૫) સમયની સાથે સામાજિક ક્ષેત્રે સક્રિય ને કોઇપણ પ્રકારની પાબંધી ન હોવી જોઇએ.

ઉપર મુજબના મુદ્દા ઉપર શાંતિથી ચિંતન-મનન ને મંથન જરૂરથી કરશો. માત્ર ખાલી ખુરશીઓ ભરવાની નથી. સંસ્થાઓના નાના-મોટા ઘણાંજ કાર્યો થયા છે, થઇ રહ્યા છે ને હજી બાકીના ઘણાંજ કાર્યો કરવાના છે. તો આવો, પોતાના અંગત સ્વાર્થ કે હિત ન જોતાં આપણે સહુ સાથે મળીને જ્ઞાતિહિતના સાચા, સારા, સમયસર ને બજેટમાં રહીને કાર્યોને ઝડપથી પૂર્ણ કરી જ્ઞાતિજનોને સમર્પિત કરીએ.

**– મહેન્દ્ર મેઘજી મોતા,** વારાપધ્ધર-ડોંબીવલી


|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

**SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, MUMBAI**

(REGISTERED UNDER BOMBAY PUBLIC TRUST ACT. 1950. REG. NO. A-1736 (BOM) DATED 25-6-1953)

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન : 022 - 2344 8274 ● મોબાઇલ : 98927 41414 ● ઈમેલ : anantnathderasar@gmail.com

**૩૧મી માર્ચ ૨૦૨૦ સુધીના**

**નૈતિક ફરજ :**

**લાગા / રોલ પત્રક**

મહાજનશ્રીના લાગા આજે જ કાર્યાલયે સવારના ૧૧.૦૦ થી સાંજના ૬.૦૦ સુધી ભરી જવા નમ્ર વિનંતી.

(એક સાથે ૫ વર્ષના લાગા ભરવાની સગવડ)

સંપર્ક : મુંબઈ મહાજન કાર્યાલય

**SMS તથા વેબસાઈટ**



મહાજનશ્રીના SMS મેમ્બર બનવા



**9355492200** ઉપર

**JOIN KDOS** લખી મેમ્બર બનવા

છોડવા માટે **LEAVE KDOS**

સંપર્ક : **અમિત ધુલ્લા** – 099309 22366





**આડી ચાવીઓ -** [૧] આત્મા તરફ ગમન (૩); [૨] મહાવીર સ્વામીની નિર્વાણ ભૂમિ (૪); [૫] વિરા મોરા .... થકી ઉતરો (૨); [૭] અક્ષતનો ઉપયોગ આ બનાવવા થાય (૩); [૮] પુન્યનું .... થવું એ પણ મોક્ષ માર્ગનો એક અવરોધ છે. (૨); [૯] અંતરનું એક માપ (૩); [૧૧] સુપાર્શ્વનાથનું જન્મ સ્થળ (૪); [૧૩] મોતીસાગરજી મહારાજ એ એક ........ છે (૨); [૧૪] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩); [૧૫] ... ઉપર પ્રભુને કુંડલ પહેરાવાય (૨); [૧૮] તપાગચ્છની સંવત્સરી ... ના હોય (૨); [૧૯] ઉવસગ્ગરં એ શું છે? (૨); [૨૧] અબડાસાની એક પંચતીથીનું ગામ (૩); [૨૩] પ્રદક્ષિણા કેટલી અપાય? (૨); [૨૫] મલ્લીનાથનું જન્મ સ્થળ (૩); [૨૭] ગિરનારની યાત્રા આના દર્શન વગર અધુરી ગણાય (૫); [૨૯] ........ ને કાબુમાં રાખવુ ખૂબજ અઘરું છે (૨); [૩૦] જીરાવલ્લા પાર્શ્વનાથનું એક કચ્છનું તીર્થ (૨); [૩૧] સાધુઓને પણ પોતાની પાત્રતા મુજબ પદવીઓ મળે છે (૩); [૩૨] ગોડીજી પાર્શ્વનાથનું ગુજરાતનું તીર્થ (૪); [૩૩] વર્ષમાં બે વાર આયંબિલની ........ આવે (૨)

## રચયિતા: જયકાંત મોતા

ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

### ધર્મ સંદેશ - ૧૪૭

**ઊભી ચાવીઓ -**

[૧] છત્રીસ ગુણો કોના હોય? (૩); [૨] મણીભદ્રવીરનું સ્થાનક (૫); [૩] રાજસ્થાનનું નવાલખા પાર્શ્વનાથનું તીર્થ (૨); [૪] આ શ્રાવકનું સામાયિક વખણાય (૩); [૫] એક સ્વપ્ન (૨); [૬] વીર પ્રભુના સંસારિક જમાઈ (૩); [૧૦] પ્રભુના ચક્ષુ (૩); [૧૨] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪); [૧૪] આ સૂત્રનું પ્રથમ વાંચન વડનગરમાં થયું હતું (૪); [૧૫] ગુજરાતનું એક તીર્થ (૨); [૧૬] પાલીતાણામાં ......... આકારનું જિનાલય છે (૨); [૧૭] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૫); [૨૦] ......... ઉપવાસ એટલે અઠ્ઠમ (૨); [૨૨] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪); [૨૪] ......... મન અને ધનથી સેવા કરો (૨); [૨૬] કચ્છનું ચંદ્રપ્રભુનું જિનાલયનું ગામ (૨); [૨૭] ........... રાખી તપ કરો (૩); [૨૮] ગુજરાતનું અમીઝરા પાર્શ્વનાથનું તીર્થ (૩); [૩૦] ચંદન પૂજાના તિલક કેટલા? (૨)

(ઉકેલ અન્યત્ર)



**આડી ચાવીઓ -**

[૧] ગાડા ઉપર બેસવાની બેઠક (Sitting arrangement on Bullock Cart) (૨); [૨] વસ્તુઓનું બંડલ (Parcel) (૪); [૫] ઉતાવડ (Hurry) (૩); [૭] પસીનો (Persipiration) (૩); [૮] ઈયળ (White ant) (૩); [૧૧] ત્રીજું (Third) (૧); [૧૨] સડાસડાટ (Directly) (૩); [૧૩] સ્ત્રી માટે જઈશ (Will go for female) (૨); [૧૪] જમીન (Floor) (૨); [૧૬] પહોંચેલ સ્ત્રી (Shrewed woman) (૨); [૧૭] બટકું (Bite) (૨); [૧૮] નખ (Nail) (૧); [૧૯] કહેવત (Proverb) (૩); [૨૦] બફાટ કરવો (to commit blunder) (૪); [૨૨] કાપુસ (Cotton) (૨); [૨૩] આદત (Personal Habit) (૩); [૨૪] બળદ (Bullock) (૨); [૨૬] શરીર ઉપર ગરમાશ આપવી (Hot water fermentation) (૨); [૨૭] છે (Are their) (૨); [૨૮] વરરાજાની પાછળ ઘુઘરી વગાડનારી છોકરીઓ (Girls sounding behind groom) (૪); [૩૦] છોડી દઉં (Make Free) (૨); [૩૧] ત્રણ (Three) (૧); [૩૨] નવ (Nine) (૧); [૩૩] છાશ (Butter Milk) (૨); [૩૪] ઉમળકો (Enthusiasm) (૪)

### કચ્છી કસબ - ૧૪૭

**ઊભી ચાવીઓ -**

[૧] અછત (Deficiency) (૨); [૨] સાંકળ (Chain) (૩); [૩] નાસપતી (Kind of fruit) (૨); [૪] ફક્ત (Only) (૨); [૫] તળાવ (Lake) (૨); [૬] ઘોંઘાટ (Noise) (૨); [૭] મેંદો (Maise Powder) (૪); [૯] ખલાસ (Over) (૩); [૧૦] સસરો (Father-in-law) (૨); [૧૨] સસ્તું (Cheap) (૨); [૧૩] વાંકી (Bended) (૨); [૧૪] સાંણસી (Kind of vessel) (૩); [૧૫] અવઢવ (Hesitation) (૪); [૧૬] જગ્યાની છૂટ (Space) (૪); [૧૭] જાનવરનો ખોરાક (Fodder) (૨); [૧૯] જનાવરો (Animals) (૨); [૨૦] દાળ (Lentil) (૨); [૨૧] ઘેટું (Sheep) (૨); [૨૫] ટીંડલી (Kind of vegetable) (૩); [૨૬] નાકનું આભુષણ (Nose ornament) (૨); [૨૭] સ્પર્શ કરાવવો (To touch) (૩); [૨૯] બાળક (a child) (૩)

(ઉકેલ અન્યત્ર)

|| મહાતીર્થાધીપતિ શ્રી મહાવીરસ્વામીને નમઃ || રજી. નં. A1106 (KUTCH) Date : 28-9-1966

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન


સ્થાનિક કાર્યાલય : મેન પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૦. • ફોન : ૦૨૮૩૧ - ૨૮૭૨૨૪

મુંબઈ કાર્યાલય : C/o. શ્રી ચાંપશીભાઈ ડુંગરશી હેફા, ૩૦૨, મરૂધર, સ્વામી હૉટેલની ઉપર, ધન્વતરી હૉસ્પિટલની સામે, એન.એસ. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.


## જખૌ મહાજન અને શ્રી જખૌ રત્નટુંક દેરાસર ટ્રસ્ટ આયોજીત

**સંમેલન : તા. ૧૯-૧-૨૦૨૦ રવિવાર ના રોજ, સવારે ૮.૩૦ કલાકે**

**સ્થળ : લાયન્સ કોમ્યુનીટી હૉલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.**

**માંગલિક અને આશિર્વચન : પ.પૂ. આ. ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

**સંચાલન : ૨૩-૨૩ વરસીતપના આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુ તથા તેમની ટીમ**

**કાર્યક્રમની રૂપરેખા :** સવારે ૮ થી ૮.૪૫ ચા નાસ્તો ❖ ૯ વાગ્યાથી જિર્ણોધ્ધાર તથા નુતનીકરણ વિશે પ્રસ્તુતિ અતિથિ વિશેષનું સન્માન ❖ ૯ .૧૫ વાગ્યાથી વિવિધ ચડાવા તથા વિરલા અને તારલાઓનું સન્માન ❖ બપોરે ૧ સ્વરૂચી ભોજન.

**''કાર્યક્રમના આરંભથી અંત સુધી આપ સહુની હાજરી અનિવાર્ય છે, કાર્યક્રમની શરૂઆત ચુકતા નહીં.''**

સંમેલનના ખર્ચ ને પોહોંચી વળવા યથોચિત ફાળો નોંધાવવા વિનંતી. તો ચાલો મળીયે, એક બીજાના ખબર અંતર પૂછીએ અને જખૌ તરફ અમીનજર માંડીએ, માણીએ નુતનીકરણ પામતા દેરાસર અને અતિથિગૃહ સંકુલ વિશે પ્રેઝન્ટેશન અને જાણીએ ભવિષ્યના પ્લાન. જખૌવાસીઓ અને નિયાણી બહેનોને સહપરિવાર આ કાર્યક્રમમાં પધારવા સપ્રેમ આમંત્રણ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી,**

| કાંતિલાલ કરમશી વીકમસી | જયંતીલાલ દેવશી મૈશેરી | ચાંપશી ડુંગરશી હેફા |
|---|---|---|
| પ્રમુખ | સેક્રેટરી | સેક્રેટરી - 98206 59809 |

||ૐ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ|| ||ૐ શ્રી આઈ માતાયે નમઃ||

શ્રી આઈ માતા ધરમશી પરિવાર

ભાવિક જનોવતી : ગિરીશ પદમશી ધરમશી

સુજ્ઞ ભાવિકજનો, મંગળવાર, તા. ૧૭-૧૨-૨૦૧૯

જય જીનેન્દ્ર ! જય માતાજી





(શ્રી આઈમા ધરમશી પરિવાર ગામ સુથરી - કચ્છ)

પંદરમી સમુહ પહેડી નિમિત્તે સુથરી માતાજીના સ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ

**માતાજીના આદેશાનુસાર સમૂહ પહેડીનો કાર્યક્રમ સુથરી માતાજીના સ્થાનકે ચૈત્ર સુદ ૧૩, ૧૪, ૧૫ ને ૬-૭-૮ એપ્રિલ ૨૦૨૦ સોમવાર થી બુધવાર સુધી રાખેલ છે. તો આપ સૌને આ પ્રસંગે સુથરી સ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ.**

આપના પરિવારની નિયાણી બહેનોને સપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ. મહોત્સવ દરમ્યાન કાળા કપડા પહેરશો નહિં. આપના સાથ સહકારની અપેક્ષા.

લિ. ભાવિકજનો વતી ભોઈમાં કાશ્મીરાબેન ગિરીશ ધરમશીના જય માતાજી

વધુ વિગત કે જાણકારી માટે સંપર્ક નંબર

કાશ્મીરાબેન ધરમશી - ૯૮૬૭૩૦૮૨૫૦ ગિરીશ ધરમશી - ૦૯૮૯૨૧૯૮૨૫૦ ભારતીબેન ધરમશી - ૯૩૨૬૧૭૦૩૯૯

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ, ખંડવા

પ.પૂ. આ. ભ. ગુણસાગરસૂરીશ્વર મ સા ની આજ્ઞાનુવર્તિ, પ. પૂ. વાતસલ્યમૂર્તિ સા. વિમલગુણાશ્રીજી મ. સા. ની શિષ્યા પ. પૂ. સા. કલ્પગુણાશ્રીજી આ.ઠા. ૩ બુરહાનપુર તીર્થથી ચાતુર્માસ પૂર્ણ કરી તા. ૬/૧૨ ના દિવસે ખંડવા શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામે પધાર્યા. સંઘને મૌની એકાદશીનું મહત્વ સમજાવી, આરાધના કરાવેલ. નિત્ય પ્રવચન ચાલી રહયા છે.

## શ્રી મંજલ રેલડીયા નગરે નવનિર્મિત જિનાલયના નવનિર્માણનો પ્રારંભ

તા. ૧૨-૧૨-૨૦૧૯ના સુપ્રભાતે નવનિર્માણ પામતા શ્રી આદેશ્વરજી મહારાજ જિનાલયના ગંભારાના પ્રથમ પથ્થરનું પૂજન તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના સુશિષ્ય શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.ના મંત્રોચ્ચાર સાથે અને પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિની પ.પૂ. પ્રવર્તિની મહત્તરા મુખ્યા સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા સા. શ્રી આગમકિરણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ની પવિત્ર ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. જેમાં ગામમાં હાજર જૈન ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ અષ્ટપ્રકારી પૂજા કરેલ. શ્રી દેરાસરજીના ટ્રસ્ટી સોમ ધરમશીએ હાજરી પુરાવેલ અને જાહેર કરેલ કે ઇ.સ. ૨૦૨૦ની ધજા નવનિર્માણ પામતા જિનાલય પર ચઢાવવામાં આવશે.

## મલકાપુર અચલગચ્છ જૈન સંઘ

પ.પૂ. આ.ભ. શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. વિદર્ભના પ્રવેશદ્વાર સમા મલકાપુરમાં પધારતાં તા. ૧૧ ડીસેમ્બર ૨૦૨૦ના રંગોળીઓ, ગહુંલીઓ, શણગારેલા બેડા તથા બેન્ડવાજા દ્વારા ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. ૩ દિવસની સ્થિરતા દરમ્યાન રોજ સવારે પ્રવચનમાલા, સાંજે બાળકોની પાઠશાળામાં ઉદ્‌બોધન તથા અત્રેની અઢારે આલમમાં અત્યંત લોકપ્રિય સંઘપતિ શ્રી તિલકભાઇ નરસી જેઠાલાલ દંડ પરિવાર સહિત ક.દ.ઓ. જ્ઞાતિના દશેક ઘરોમાં પગલા, દાદાશ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજીની દેરી યુક્ત દાદાવાડી તથા મધે જિનાલયોના દર્શન કર્યા.

અત્રેથી તા. ૧૩ના બપોર પછી વિહાર કરી તા. ૧૭-૧૮ના જલગામ શહેરમાં પધારશે. ત્યારબાદ અનુક્રમે ચોપડા, ધરણગામ, પાચેલા, અમલનેર, દોંડાઇચા, બલસાણા, નેર, ધુલિયા થઇ તા. ૨૬/૧ના ચાલીસગામ પ્રવેશ કરશે. ત્યાં પૂજ્યશ્રીના વરસ હસ્તે કચ્છ તેરા હાલે રાયપુરના મુમુક્ષુ કુ. મોનિકાબેન મહેન્દ્રભાઇ લોડાયા સી.એ.ની દીક્ષા થશે.

## શ્રી પદ્‌મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. શ્રી જયલક્ષ્મીજી મ.સા.ના પ્રેરણા દ્વારા ટ્રસ્ટની શરૂઆત કરવામાં આવેલ. પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ તેમજ તેમના માર્ગદર્શન થી ટ્રસ્ટ સમાજ ઉપયોગી કાર્યો કરી રહેલ છે. ચાલીસ ગામ મધે દર બુધવારના જરૂરતમંદોને ભોજન કરાવવામાં આવે છે. તેમાં કાયમિ તિથીના દાતાઓના નામ :

૧) મણીલાલ હંસરાજ ભઠારા (હસ્તે રૂપમભાઇ - ઘાટકોપર), ૨) મણીલાલ દામજી ધુલ્લા (હસ્તે સૌ. નયના અશોક લાપસીયા-મુલુંડ), ૩) એક સદ્‌ગૃહસ્થ (હસ્તે - ગુણવંતીબેન દામજી જેઠાભાઇ પટેલ-ડુમરા), ૪) શા. શામજી મુલજી પોલડિયા (પારોલા), ૫) નવલબાઇ દામજી ધરમશી (વરલી), ૬) ડુંગરશી ધનજી દંડ (હસ્તે મોંઘીબાઇ ડુંગરશી દંડ - હુબલી), ૭) પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. (હસ્તે ગુલાબચંદ આશરિયા લોડાયા - અંકલેશ્વર), ૮) ગોવિંદજી જીવરાજ લોડાયા (સાયન), ૯) રાજેશ શીવજી નરશી પોલડિયા (બેંગકોક), ૧૦) ગિરીશ શામજી ભાટે (હસ્તે સુશિલાબેન ભાટે - અંકલેશ્વર), ૧૧) મિતા


Exclusive Embroidery & Upto date Finishing
Sachi Jari Mate Real Nam
જ્યોતિ
SILK SAREE EMPORIUM
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

હિરાચંદ શાહ (હસ્તે રતનબાઇ પોલડિયા-ચાલીસગામ), ૧૨) શ્રી પ્રદિપભાઇ ઉરમશી મેપાણી (હસ્તે ઉમરશી મેપાણી-વડાલા), ૧૩) દયમંતી માણેકજી ડાઘા (હસ્તે-દક્ષા, હીના, ચારૂ, સીમા, હર્ષા - ડોંબીવલી), ૧૪) ચંદ્રકાંત ગંગાજર ધરમશી (હસ્તે વિમલાબેન ધરમશી - હુબલી), ૧૫) અદિરા જીગર હરીશ ખોના (સાયન), ૧૬) નવલબાઇ દેવજી પોલડિયા (ચાલીસગામ), ૧૭) ગંભીરદાસ છોટાલાલ જોશી (શિઓર), ૧૮) ઉમરશી ભાણજી પોલડિયા - નાગપુર હસ્તે ગુલાબભાઇ આશરિયા લોડાયા - અંકલેશ્વર), ૧૯) માતુશ્રી જયાબાઇ નરશી ધરમશી (પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પુણ્યતિથિ નિમિત્તે-મુલુંડ), ૨૦) કાંતાબાઇ મુરજી રાઘવજી લોડાયા (દાદર), ૨૧) દિનેશભાઇ ભવાનજી ગોસર (પ.પૂ. જયલક્ષ્મીશ્રી મ.સા. કાલધર્મ તિથી નિમિત્તે - હૈદ્રાબાદ), ૨૨) કનકકુમાર દોશી (ચાલીસગામ), ૨૩) ઉર્વશી મેઘજી, પ્રિયંવદા મેઘજી ધરમશી (હસ્તે તક્ષશીલા, વિધાતા ધરમશી - તારદેવ), ૨૪) લક્ષ્મીબેન પદમશી પાનપરીયા (હસ્તે રેવંતીબેન ઠાકરશી પાનપરીયા - વડોદરા), ૨૫) જેતબાઇ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), ૨૬) લક્ષ્મીબાઇ હેમરાજ મોમાયા (મુલુંડ), ૨૭) શા. લક્ષ્મીચંદ કેશવજી માંડણ લોડાયા (હસ્તે પ્રિયમવંદા મેઘજી ધરમશી - તારદેવ), ૨૮) રમીલાબેન મણીલાલ ભઠારા (હસ્તે રૂપમભાઇ, ઘાટકોપર), ૨૯) રાયચંદ માલશી મોતા (શેલમ), ૩૦) અનંતનાથ સ્નાત્ર મંડળ (મુંબઇ), ૩૧) શા. શાંતિલાલ શામજી શાહ (હસ્તે કાશ્મીરાબેન મિલન પટેલ - તલેગાવ, નાંદગાવ)

### સાંયરા સમાચાર

તા. ૧૪-૧૧-૨૦૧૯ના પ.પૂ. સા. શ્રી ચારૂપ્રસાશ્રીજી મ.સા. પ.પૂ. સા.શ્રી. અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા -૪ પધારતા સાંયરા સંઘ વાજતે ગાજતે સામૈયાથી પ્રવેશ કરાવેલ. સામૈયામાં પ્રેમચંદ મોમાયા ધાર્મિક નારાઓ સૂત્રો બોલાવેલ. પ.પૂ. સા.શ્રી સરળ ભાષામાં વ્યાખ્યાન આપેલ. લોડાયા પરિવારની સંખ્યા સારી હતી. ગુરૂજી પધારેલ ત્યારે વાર પણ ગુરૂવાર હતો.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.**
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


### શ્રી સુવિધિનાથ શ્વે. મૂર્તિ પૂજક જૈન સંઘ, તિરૂપુર

તા. ૦૮-૧૨-૨૦૧૯ના તિરૂપુર શ્રી સુવિધિનાથ દેરાસરની ૩૩મી ધ્વજા મહોત્સવ ઉજવામાં આવેલ. સવારના ૯.૪૫ વાગે સત્તરભેદી પૂજા ભણવામાં આવેલ. ત્યારબાદ સવારના ૧૧.૩૩ મિનિટે ભગવાનની ધ્વજા ચડાવામાં આવેલ. ધ્વજા ચડાવાના લાભાર્થી શ્રી ભંવરલાલ રતનચંદજી લુંન્કડ પરિવાર.

### કચ્છમાં કચ્છ એકમ દ્વારા સમૂહ લગ્નોત્સવ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ, સમૂહલગ્ન ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિનો આગામી સમુહલગ્ન તા. ૧૬-૨-૨૦૨૦ રવિવારના કચ્છમાં યોજાશે. ફોર્મ કચ્છ એકમ કાર્યાલય ગાંધીધામ તથા કચ્છ એકમના સભ્યો પાસેથી મળી શકશે. ફોર્મ ભરીને તા. ૩૦-૧૨-૧૯ સુધીમાં પહોંચાડવાના રહેશે. સમૂહ લગ્નમાં જોડાવા ઇચ્છુક પાર્ટીઓએ કચ્છ એકમ કાર્યાલય ગાંધીધામનો સંપર્ક : મહેશ લાલકા - ૯૮૨૫૨૮૭૫૫૫ અથવા લહેરચંદ ખોના - ૯૮૨૫૧૩૮૧૦૩.

### અબડાસા પધારેલા અચલગચ્છાધિપતિશ્રીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા., શ્રમણ-શ્રમણીવૃંદ સહ અબડાસા મોટી પંચતીર્થી કોઠારા તીર્થે પધારતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ.

કચ્છી ઢોલ-શરણાઇ, ગહુંલી, સાફા, દુપટા, ધારી શ્રાવકો, માટીનાં આકર્ષક બેડા સાથે બાંધણીમાં સજ્જ શ્રાવિકાઓ સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા. અબડાસાના દરેક ગામોના સંઘો સાથે હીરાલાલ જીવાણી, મહેશ નાગડા, ગુલાબ ધરમશી, પ્રેમચંદ મોમાયા, ખુશાલ પટેલ, લહેરચંદ ધરમશી, નરેન્દ્ર લોડાયા સહિતના આગેવાનો જોડાયા હતા. શ્રી પ્રેમચંદ એસ. મોમાયાએ સ્તવનોની રમઝટ જમાવી હતી.

જિનાલયે ચૈત્યવંદન બાદ પૂજ્ય ગુરૂદેવે ઉપાશ્રયે પધારી સ્વમુખે માંગલિક શ્રવણ કરાવ્યું હતું. પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.એ પ્રેરણારૂપ પ્રાસંગિક પૂરૂં પાડ્યું

હતું. શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા નવકારશી તથા સાધર્મિક ભક્તિના દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, આભાર દર્શન તોરલબેન શાહનંદે કરેલ. વ્યવસ્થામાં ધનપતિ લોડાયા, દિનેશ મોતા, પ્રદિપ મુનવર, મયુર નાગડા, કાંતિલાલ લાલકા, મુલચંદ મુનવર, ચંદ્રકાંત મુનવર તથા સર્વે કાર્યકર ભાઇ - બહેનોએ સહકાર આપ્યો હતો.

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરા

સંઘ માતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરાના ૫૪ ભાવિકોને ૨૯-૧૧-૧૯ થી ૧-૧૨-૧૯ ત્રણ દિવસની ગીરનારની યાત્રા કરાવવામાં આવી. જેમા તમામ યાત્રીકો એ (૫૦ પગપાળા, ૪ ડોળી) શ્રી નેમીનાથ ટુક સુધી યાત્રાનો લાભ લીધો.

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ વડોદરા

શ્રી વિમલનાથ દાદાના ચમત્કારીક જિનાલયજીની દસમી વર્ષગાંઠ નિમિત્તે અઢાર અભિષેક તથા ધ્વજારોહણ પ.પૂ. સા.હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા. રૂજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદી ઠાણાની પાવન નિશ્રામાં તા. ૧૬-૧૨-૨૦૧૯ના શુભદિને ઉજવાયો. ધજા ચડાવવાની બોલી નો ચડાવો સંઘ માતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે લીધો. સંઘ સ્વામિ વાત્સલ્યનો લાભ માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવારે લીધો. પ્રોગ્રામમાં ૩૦૦ ભાવિકોએ હાજરી આપી.

### વડોદરામાં શ્રી ચક્રેશ્વરી માતાજીનું પૂજન

માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવાર તરફથી શ્રી કેડીઓ ભવનમાં તા. ૧૭-૧૨-૨૦૧૯ના રાખવામાં આવ્યું. વિધીકાર શ્રી અમીત શાહ પોતાની સંગીત મંડળી સાથે ભક્તિની રમઝટ જમાવી. લગભગ ૭૫ જણા એ લાભ લીધેલ. સંઘ સ્વામિ વાત્સલ્ય નો લાભ માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવારે લીધો. પ્રોગ્રામમાં ૨૫૦ ભાવિકોએ હાજરી આપી.

### શિબિર-શાઈનીંગ સ્ટાર પાઠશાલા - વડોદરા

પ.પૂ.સા. ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા શ્રી પ.પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.તથા પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨ ની પાવન નિશ્રામાં બહેનોની ૬ શિબિર થઈ. ૩૦ બહેનોએ લાભ લીધો, અને ૬ બહેનો પરિક્ષા આપી ઉત્તિર્ણ થઈ. ટીનએજર્સ શિબિરમાં ૧૪ યુવાઓએ ભાગ લીધો. નાના ભૂલકા ની શાઈનીંગ સ્ટાર પાઠશાળા યોજાઈ જેમાં ૨૭ બાળકોએ ભાગ લીધો. આર્ય રક્ષિત જૈન વિદ્યાપીઠ દ્વારા યોજીત પરિક્ષામાં ધોરણ ૧ માં ૫ તથા ધોરણ ૨ માં ૧ વિદ્યાર્થી ઉત્તિર્ણ થયા.

### શ્રી ચંદ્રપ્રભ સ્વામિ શ્વેતામ્બર મંદિર - નાંદેડ

શ્રી ચંદ્રપ્રભ સ્વામી શ્વેતામ્બર જૈન સંઘમાં પર્યુષણ પર્વની આરાધના થઈ. કચ્છી, વીશા, મારવાડી તથા ગુજરાતી સમાજના આશરે ૨૫૦ જેટલા સભ્યો દ્વારા અચલગચ્છની સમાચારી પ્રમાણે સંઘમાં સામુહિક આરાધના થઇ. પર્યુષણ આરાધના કરાવવા આર્યરક્ષિત જૈન વિદ્યાપીઠ તરફથી લીલાબેન (ભાઇંદર) અને કુંજલતાબેન (વસઇ) વાલા પધારેલ.

સવારના સ્નાત્ર પૂજા, ભક્તામર સ્તોત્ર, વ્યાખ્યાન, સંઘપૂજન સાંજે પ્રતિક્રમણ, આંગી, ભાવના, પ્રશ્નોત્તરી, વગેરે આયોજન હતા. બપોરના સંઘ સ્વામિ વાત્સલ્યનું આયોજન હતું. વિવિધ તપસ્યા, અઠ્ઠાઇ, અઠ્ઠમ, છઠ્ઠ, અક્ષયનિધી તપ થયા.

સામુહિક ક્ષમાપના બાદ તપસ્વીઓ તથા આરાધના કરાવવા આવેલા બેનોનું બહુમાન કરેલ. રાત્રી જાગરણ ઉત્સવ હોલમાં પરિવાર તરફથી રાખવામાં આવેલ. ભા. સુદ ૭ના લીલાબેન, કુંજલતાબેન તથા સંઘમાં ચાલતી ''સાઈનીંગ સ્ટાર'' પાઠશાળાના પાંચ શિક્ષિકાઓએ શ્રી અતરિક્ષજી તીર્થ સહીત કળમનૂરી, હીંગોલી, વાસીમ, બાળાપુર અને ખામગામ દેરાસરોના દર્શન-પૂજા કરેલ. ખામગામમાં પ.પૂ.સા.શ્રી સંયમ ગુણાશ્રીજી આદિઠાણાનો દર્શન-વંદનનો લાભ લીધેલ.

### ગોરેગામ સંઘમાં મહાકાલી માતાની ભાવના



ગોરેગાંવ અચલગચ્છ સંઘમાં પૂ. સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા. ૪-૧૨-૨૦૧૯ના મહાકાલી માતાજીની ભાવના ભણાવામાં આવી. લાભાર્થી માતુશ્રી મણિબેન રતનશી ઉરમશી ગાલા-કાંડાગરા.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

## શ્રીમતી હર્ષા મનોજભાઈ નાગડાને પુરસ્કાર



શ્રી ગુજરાતી સમાજ ખામગામના નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહમાં સૌ. હર્ષા મનોજભાઇ નાગડાને એમના અનેક સમાજલક્ષી કાર્યો માટે અને તેમની મલ્ટી ટેલેન્ટની કાર્ય સિધ્ધિ માટે આ સન્માન ''ગુજરાતી સમાજ નારીરત્ન પુરસ્કાર'' એનાયત કરવામાં આવ્યો.

## વીએલવીજી વિદ્યાર્થીઓની વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત



તા. ૧૨-૧૨-૨૦૧૯ ગુરૂવારના શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ જૈન વિદ્યાર્થી ગૃહ ઘાટકોપરના શાળા વિભાગના વિદ્યાર્થીઓએ, મહારાષ્ટ્ર રાજ્ય સરકાર તરફથી આયોજીત વિજ્ઞાન પ્રદર્શની ડી.એ.વી. કોલેજ ભાંડુપ ખાતે મુલાકાત લીધેલ. જેમાં સૌર શક્તિના ઉપિયોગથી ચાલતી વિવિધ યંત્રણા, પર્યાવરણની સાર સંભાળ અને પ્રદૂષણને રોકવા વૈજ્ઞાનિક રીતે ચાલતી મશીનો. ટ્રાફિક ટ્રાન્સપોટેશનમાં થતી ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ. સ્પેસ ટેક્નોલોજી ને લગતી માહિતી તેમજ જ્ઞાન-વિજ્ઞાન અને ગણિત શાસ્ત્રનો ઉપયોગ કરી વિવિધ પ્રયોગો બતાવવામાં આવ્યા. જે જાણવા અને સમાજવામાં વિદ્યાર્થીને ભારે મઝા પડી. શિક્ષિકા સૌ મીનાબેન મોમાયા એ મુલાકાતનું સંચાલન કરેલ.


**કન્યા જોઈએ છે.**

જન્મ - 1989, ઉંચાઇ - 5'11", દેખાવડા MNC જોબ ધરાવતા CA યુવક માટે ઇચ્છુક કન્યાના વડીલો સંપર્ક કરે.

સંપર્ક : 98601 58567


## મલકાપુર સંઘમાં મ.સા.ની ૪૨મી દિક્ષાતિથિ



તા. ૭-૧૨-૨૦૧૯ના મહારાષ્ટ્ર રાજ્યના મલકાપુર સંઘમાં પૂ. સાધ્વીશ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા.ની ૪૨મી દિક્ષાતિથિ પ્રસંગે વિશેષ ધર્મ આરાધના કરાઇ. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ આ પ્રસંગમાં જોડાયા હતા.

## જલગામ કચ્છી દશા - વીસા જૈન સંઘ

પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. ઠાણા-૩, તા. ૧૭ના ભવ્ય સામૈયા સહ ખાનદેશની સુવર્ણનગરી તરીકે ઓળખાતા જલગામ શહેરમાં પધારતાં ભવ્ય સામૈયા સહ પ્રવેશ થયેલ. તા. ૧૭ થી ૧૯ સુધી વાસુપૂજ્ય સ્વામી જિનાલયે પ્રવચન બાદ તા. ૨૦ થી ૨૨ સુધી પોષ દશમીની ભવ્ય આરાધનાર્થે ભાગ્યવર્ધન પાર્શ્વનાથ જિનાલય દાદાવાડીમાં પધારશે. ત્યારબાદ બે દિવસ ધર્મનાથ જિનાલય ઉપાશ્રયે પૂજ્યશ્રીના પ્રવચનો રહેશે. તા. ૨૫ના અત્રેથી વિહાર કરી તા. ૨૮ના ચોપડા ગામના કચ્છી પરિવાર તરફથી આયોજીત શ્રી સિધ્ધચક્ર મહાપૂજનમાં નિશ્રા આપવા પધારશે.

## ચાર્ટડ એકાઉન્ટ મુમુક્ષુ મોનિકાબેન લોડાયાની દિક્ષા

તા. ૨૦-૧૧-૨૦૧૯ના કાંડાગરા નગરે પ્રતીકકુમારની દિક્ષા પ્રસંગે કચ્છ ગામ તેરાના હાલે છત્તીસગઢ રાયપુરમાં રહેતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મોનિકાબેન મહેન્દ્રભાઇ લોડાયાની દિક્ષાનું મુહૂર્ત પૂ. ગુરૂદેવશ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબ દ્વારા તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારનું મળ્યું છે. મુમુક્ષુ કુમારિકાની દિક્ષા ચાલીસગામ મુકામે આ.ભા. શ્રી મહાદેવ સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં સંપન્ન થશે. મુમુક્ષુ મોનિકાબેન પૂ. સા. શ્રી મહાપ્રમુખશ્રીજી મ.સા.ના શિષ્યા બનશે.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ. સોમવાર બંધ

## સખીવૃંદ પુણે



દિનલબેન હર્ષલ ધરમશીની મીટિંગ ડિસેમ્બર મહિનામાં થઈ. ક્રિસમસ તહેવાર નિમિતે દિનલ બેને સૌના આવકાર માટે સાંતાની પોટલીમાંથી પ્રેરણા, શાંતિ, વિશ્વાસ, જીવન, પ્રેમ, હાસ્ય, આનંદ જેવા છંદ નાની નાની રિંગ પર બનાવી ઘર આંગણાની દિવાલ પર સજાવ્યા હતા.

નવકારના પઠન બાદ પુષ્પાબેન લોડાયા (આઈ.પી.પી) સાથે સૌ સખીઓએ, કે.ડી.ઓ. જૈન સંઘ પૂનાના આધાર સ્તંભ એવા, શ્રી દિનેશભાઈ જેઠાભાઈ લોડાયા ને પુષ્પાંજલિ આપતાં ૨ મિનિટનું મૌન કર્યું. ત્યારબાદ કોમલ કલ્પેશ ધરમશીએ ઓક્ટોબર મહિનાની મીટિંગ અને ડિસેમ્બર મહિનામાં થયેલ પિકનિકના અહેવાલ રજૂ કર્યા.

દિનલબેને મીટિંગનો વિષય ક્રિસમસ તહેવાર ને અનુલક્ષી ને રીથ (Wreath) પસંદ કર્યો હતો. સૌ પ્રથમ પીપીટીના માધ્યમથી રીથ એટલે ફૂલો, દડા અથવા દાંડીની રિંગમાં ગોઠવણી કરી, સજ્જ અને સુશોભન કરવા માટે વપરાય છે. રીથ ક્રિસમસ તેહવારમાં જ નહીં પણ અનેક પ્રસંગોમાં સજાવટ તરીકે વાપરી શકાય છે, જેને સાર્વત્રિક રીથ તરીકે ઓળખાય છે, તેવી સમજ આપી. રીથના સ્વરૂપો, પ્રકાર, તેના પાછળનો ઈતિહાસ અને પોતે બનાવેલી રીથ ના ચિત્ર પ્રદર્શિત કર્યા.

જ્યૂટ રીથ, વેફલ રીથ, શંખની રીથ, ડ્રાય ફ્લાવર રીથ, ફ્રેશ ફ્લાવર રીથ, સુકેલી દાંડી રીથ, ક્લીપ રીથ, પિક્ચર ફ્રેમ રીથ, પર્લ રીથ, બર્થ સાઈન બોર્ડ રીથ જેવી ૧૫ થી વધુ રીથ બનાવીને આકર્ષક ઘરની સજાવટ કરી હતી.

સન ફ્લાવર રીથ, ક્રિસમસ ગારલેંડ, સેંટરપીસ કેવી રીતે બનાવવા તેનું પ્રત્યક્ષીકરણ કર્યું, આ શીખવતા નાની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરાવ્યુ. જેમાં તેમની કળા પ્રત્યેની કુશળતા દર્શાતી હતી. રીથ, માટે વપરાતી પ્રત્યેક સામગ્રી જેમ કે વાયર, સ્ટ્રો, કાર્ડબોર્ડ, ફોમ, સ્ટ્રો, લેસ, બો, ટિસ્યૂ, જ્યુટ અને એવી અનેક વસ્તુઓની પુર્ણ માહિતી આપી. આ રીતે વિસ્તારપૂર્વક અને સરળતાથી વિષયનું જ્ઞાન આપ્યું. સૌ સખીઓ માટે તેમણે ફોટો બૂથ કોર્નર તૈયાર કર્યો હતો, જે દરેક માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

સૌ સખીઓને ક્રિસમસ રીથ કપ કેક ભેટ સ્વરૂપ આપ્યાં. કલ્પના દુષ્યંત લાપશીયા (પ્રમુખ)એ દિનલબેનનો આભર વ્યક્ત કર્યો.

## સખીવૃંદ પુણે



સખીવૃંદ મહિલા મંડળ દ્વારા તા. ૧-૧૨-૨૦૧૯ના પિકનિકનું આયોજન કરાયું. ભોર નજીક સહયાદ્રિ પર્વત માળાંઓની વચ્ચે આવેલા કૃષિ પર્યટન સ્થળે થયું. જ્યાં ગ્રામીણ જીવનનો આસ્વાદ માણ્યો.

કુદરતી સૌંદર્યની વચ્ચે સખીઓ પોતાના રોજિંદા જીવનથી (કાર્ય) પર રહી, પોતાની જાત સાથે જોડાયા. સૌએ સ્વિમિંગ, રેઈનડાસ, બળદ ગાડાની સવારી, ઝુલતા પુલની મજા માણી. તેમજ વિવિધ રમતો રમી દિવસ વ્યતીત કર્યો.

## રાજ્યકક્ષાનો દિવ્યાંગ પારિતોષિક અર્પણ કરાયો

ગુજરાત રાજ્ય શ્રમ અને રોજગાર વિભાગની પસંદગી સમિતિ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓને રોજગાર અપાવવા તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે કરેલ શ્રેષ્ઠ કામગીરી બદલ માનવજ્યોત સંસ્થા ભુજના શ્રી પ્રબોધ મુનવરને રાજ્યકક્ષાનો ''દિવ્યાંગ પારિતોષિક''. પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડા એસ.પી. શ્રી સૌરવ તૌલંબીયાનાં વરદ હસ્તે અર્પણ કરાયો હતો. આ પ્રસંગે ભુજ શહેર નગર અધ્યક્ષા શ્રીમતી લતાબેન સોલંકી, કારોબારી ચેરમેન શ્રી ભરતભાઇ રાણા સહિતનાં આગેવાનો અને અધિકારીઓએ અભિનંદન આપ્યા હતા.

## ઉપરાષ્ટ્રપતિ રણમાં

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ શ્રી વેન્કૈયા નાયડુ તાજેતરમાં કચ્છના રણમાં રજા વિતાવવા પહોંચ્યા હતા. તેમણે સફેદ રણના સૌંદર્યને માણવા સાથે ઊંટગાડીમાં સહેલ પણ કરી હતી.

## શિયાળુ મહેમાન

દર વર્ષે કચ્છમાં શિયાળો ગાળવા આવતા યાયાવર પક્ષીઓના ટોળાનું આગમન શરૂ થઇ ગયું છે. હજારોની સંખ્યામાં આવતા આ પક્ષીઓ ખરેખર તો કચ્છના વતની ગણાય. કેમ કે મોટા ભાગના પક્ષીઓ અહીં માળા બનાવે છે અને પોતાની નવી પેઢીને તૈયાર કરી શિયાળો પૂરો થતાં પરદેશ ચાલ્યા જાય છે.

હાલમાં રવેચી માતના દેવસ્થાન નજીક રવ તળાવમાં રા'લાખાના જાની મનાતા કુંજ પક્ષીઓ ઉતરી આવ્યા છે. ક્યાંક ક્યાંક ફ્લેમિંગો/સુરખાબ અને અન્ય પક્ષીઓના આવવાના સમાચાર છે. તેમની મનોહર, રંગારંગ કલરવી મહેફિલના લહાવો લેવા જેવો છે.

## ઝારાની સ્મૃતિ

૨૫૭ વર્ષ પહેલાં ઝારા ડુંગર પર વિંઝાણના ઠાકોર વીર લાખોજીના સેનાપતિત્વ હેઠળ સિંધના ગુલામશાહ ક્લોરાના સૈન્ય સામે થયેલું યુધ્ધ આજે પણ કચ્છીઓની સ્મૃતિમાં જળવાયેલું છે. વીર લાખોજી યુધ્ધના અંતિમ દિને વીર ગતિ પામ્યા હતા.

નોંધવુ રહ્યું કે આ માત્ર છ દિવસ ચાલેલું યુધ્ધ ખૂબ સમરનીતિની દૃષ્ટિએ ભારતમાં લડાયેલા યુધ્ધોમાં ખાસ સ્થાન ધરાવે છે. આ યુધ્ધની તિથી અબડાસાના વિંઝાણ ગામે ઉજવવામાં આવી હતી.

## ભુજ-અમદાવાદ વિમાનસેવા

હાલમાં જ રાજ્યના શિક્ષણ અને નાગરિક ઉડ્ડયન પ્રધાન ભૂપેન્દ્રસિંહજી જાડેજાએ માહિતી આપી હતી કે નાના અને મધ્યમ શહેરોને વિમાની સેવાથી સાંકળી લેવાની સરકારની યોજના હેઠળ ટૂંકમાં જિલ્લાના પાટનગર ભુજને અમદાવાદ શહેર સાથે જોડવામાં આવશે. આ સેવા માટે એર ઇંડિયા અને અન્ય એરલાઇને રસ બતાવ્યો છે.

## ઇન્ટરનેશનલ કાફ્ટ્સ એવોર્ડ

નવી દિલ્હી ખાતે હાલમાં જ ''ઇન્ટરનેશનલ કાફ્ટ્સ એવોર્ડ ૨૦૧૯'' નું આયોજન થયું હતું જેમાં કચ્છના કલાકારોનો દબદબો રહ્યો હતો. ભારતના પાંચ કલાકારો આ એવોર્ડની હરિફાઇમાં હતા તે પૈકી ત્રણ કચ્છના હતા. જેમાં પાબીબેન રબારી અને ખરડ દરી કસબી તેજસી ધના મારવાડા એવોર્ડ વિજેતા રહ્યા હતા. આ ઉપરાંત કચ્છની આગવી રોગાન કળાના કસબી ખત્રી મોહમ્મદ જબ્બારને પણ એવોર્ડ એનાયત કરાયો હતો.

## ગુરૂવોદય સાગરજી મ.સા.

સુથરીમાં યોજાયેલી દીક્ષામાં મુમુક્ષુ ગૌતમકુમાર (સુપુત્ર શ્રીમતી હિનાબેન નરીશ લોડાયા) દીક્ષા ગ્રહણ કર્યા બાદ ગુરૂવોદયસાગરજી મ.સા. બન્યા છે. જૈનાચાર્ય ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા., આચાર્ય કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., આચાર્ય વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. સહિત અનેક સાધુ-સાધ્વી સમુદાયની નિશ્રામાં ત્રિદિવસીય દીક્ષા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

## ધર્મ સંદેશ - ૧૪૭ નો ઉકેલ

**આડી ચાવીઓ -** (૧) આગમ (૨) પાવાપુરી (૫) ગજ (૭) ગહુલી (૮) જમા (૯) યોજન (૧૧) વારાણસી (૧૩) યતિ (૧૪) કરેડા (૧૫) કાન (૧૮) ચોથ (૧૯) સૂત્ર (૨૧) નલીયા (૨૩) ત્રણ (૨૫) મીથીલા (૨૭) સહસાવન (૨૯) મન (૩૦) તેરા (૩૧) પાત્રતા (૩૨) અલીપોર (૩૩) ઓળી

**ઊભી ચાવીઓ -** (૧) આચાર્ય (૨) મગરવાડા (૩) પાલી (૪) પુણીયો (૫) ગજ (૬) જમાલી (૧૦) નયન (૧૨) સીરોડીયા (૧૪) કલ્પસૂત્ર (૧૫) કાવી (૧૬) રથ (૧૭) મનમોહન (૨૦) ત્રણ (૨૨) અમીઝરા (૨૪) તન (૨૬) લાલા (૨૭) સમતા (૨૮) વડાલી (૩૦) તેર

## કચ્છી કસબ - ૧૪૭ નો ઉકેલ

**આડી ચાવીઓ -** (૧) સાંગી (૨) સંપેતરો (૫) તકડ (૭) પગર (૮) ગડર (૧૧) ત્ર્યો (૧૨) સોંસરો (૧૩) વેંધી (૧૪) પટ (૧૬) પોગી (૧૭) ચક (૧૮) નોં (૧૯) ચોવક (૨૦) ડારોડરે (૨૨) કપા (૨૩) તાશીર (૨૪) ઠગો (૨૬) શેક (૨૭) અઇં (૨૮) લુંણગરી (૩૦) છડા (૩૧) ત્રે (૩૨) નોં (૩૩) છાય (૩૪) અભરખો

**ઊભી ચાવીઓ -** (૧) સાંસાં (૨) સંગર (૩) પેર (૪) રોગી (૫) તરા (૬) ડખો (૭) પડસુધી (૯) ચોપટ (૧૦) સોરો (૧૨) સોંઘો (૧૩) વેંગી (૧૪) પકડ (૧૫) બેકત્રેક (૧૬) પોકતાણ (૧૭) ચરો (૧૯) ચોપા (૨૦) ડાર (૨૧) રઢ (૨૫) ગોલું (૨૬) શેરી (૨૭) અડાય (૨૯) ગભર

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી ચંદન ધનજી પાશ્વીર શાહ (મૈશેરી)** | સી-૬૦૩, એન્કર રેસીડેન્સી, સેનેટોરીયમ લેન, બેન્ક ઑફ ઈન્ડીયા પાસે, |
| (PS 2310) **ગામ - સાંધાણ** | ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો.: 09322413221 |
| **હરેશ ચાંપશી વીરજી ડાઘા** | બી-૨૦૧, ઓમ સાંઈ પ્લાઝા, વેદાંત હોસ્પીટલની સામે, ઓવાલે નાકા, |
| (PS 2753) **ગામ - વરાડીયા** | ઘોડબંદર રોડ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૧૫. મો.: 07021253426 |
| **રાજેન્દ્ર ખીમજી રાયસી લોડાયા** | ૨, પહેલે માળે, શ્રીનાથ IV બિલ્ડીંગ, સંત રામદાસ રોડ, |
| (PS 3437) **ગામ - મોટી ખાવડી** | ખંડોબા મંદિર પાસે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. |
| | મો.: 09833609143 |
| **ચંપકલાલ શામજી નાંયા ડાઘા** | ૩/૩૦૪, ચંદ્રલોક કો.હા.સો., ગાંવદેવી, ઘનશ્યામ ગુપ્તે રોડ, |
| (PS 3608) **ગામ - દલતુંગી** | વેલંકની ઈંગ્લીશ સ્કુલની સામે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| | મો. : 09082660771 |
| **વિનોદ સોમચંદ નરશી દંડ** | પ્લોટ નં. ૪૭૬, સર્વે નં. ૮૮/૧, શ્યામ ડેરી પાસે, ગોલ્ડન સિટી, |
| (PS 7055) **ગામ - તેરા** | આદીપુર - ૩૭૦ ૨૦૫. મો.: 09595299893 |
| **પંકજ કેશવજી કાનજી ધરમશી** | બી-૩૨૦૧, સર્વોદય હાઈટ્સ, જૈન મંદિર માર્ગ, સર્વોદય નગર, |
| (PS 1985) **ગામ - રંગપુર** | મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 09867012340 |
| **પ્રફુલ લક્ષ્મીચંદ ત્રિકમજી સોની** | ફ્લેટ નં. ૭૦૧, ૭મે માળે, શ્રી બસંત વિહાર કો.હા.સો., પ્લોટ નં. ૧૭૧, |
| (PS 956) **ગામ - વાંકુ** | ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| | મો.: 09833130125 |
| **તિલકચંદ લક્ષ્મીચંદ પદમશી લોડાયા** | ફ્લેટ નં. ૩, બીજે માળે, શ્રી ભદ્રપ્રતીક મૉલ, પ્રતાપ મિલ કંપાઉન્ડ, |
| (PS 6772) **ગામ - નલિયા** | ગ્લોબલ હાઈ સ્કૂલ પાસે, અમલનેર-૪૨૫ ૪૦૧. મો.: 07498306018 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૦-૧૯ | હાલોલ | કૈરવી, તોરલ દિપક હરીશ ધરમશી | કોઠારા | પુત્રી |
| ૦૧-૧૧-૧૯ | મુલુંડ | ધ્રુવ, ગુંજન પિયુષ મોતા | રાયધણજર | પુત્ર |
| ૦૫-૧૧-૧૯ | ડોમ્બીવલી | જીનાંશ, હિરલ આદિત્ય જીતેન્દ્ર હંસરાજ લોડાયા | વરાડીયા | પુત્ર |
| ૦૬-૧૧-૧૯ | માટુંગા | શૌર્ય, ઉર્મી લતેશ નરેન્દ્ર કરમશી મોતા | લાખણીયા | પુત્ર |
| ૧૦-૧૧-૧૯ | ગાંધીધામ | અતિક્ષ, માનસી પ્રતિક લહેરચંદ આણંદજી ખોના | સાંધવ | પુત્ર |
| ૨૧-૧૧-૧૯ | આંતરજાળ | માહિર, ભારતી જીત રાજેશ જવેરચંદ છેડા | સુજાપુર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૨-૧૯ | કાંદિવલી | પરેશ મણીલાલ ડાયાલાલ ખોના | સેવક ભરૂડીયા | ૨૪ |
| | ડોમ્બીવલી | રિધ્ધિ નવીનચંદ્ર કુંવરજી ધરમશી | ગોરખડી | ૨૧ |
| ૨૮-૧૧-૧૯ | નાલાસોપારા | કેયૂર જગદીશ ગાલા | દેવપર | ૩૦ |
| | વડોદરા | હની પ્રીતમ લાલકા | લાલા | ૨૮ |
| ૧૫-૧૨-૧૯ | મુલુંડ | રીતીક ત્રિવેન્દ્ર ચંદુલાલ દંડ | ધ્રાફા | ૨૮ |
| | હૈદરાબાદ | રીતીકા લલીતકુમાર ટોકરશી લોડાયા | રાપર ગઢવારી | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૨-૧૯ | બોરીવલી | જનક ભરતભાઈ રણશી દેઢિયા | પુનડી | ૩૩ |
| | ઘાટકોપર | કેતકી હિરેન ચંદુલાલ શિઆડ (શાહ) | તેરા | ૩૪ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૧-૧૯ | થાણા | મોક્ષલ ગૌતમ રતિલાલ લોડાયા | સુથરી | - |
| | થાણા | રેણુકા ગુલાબ મણીલાલ લોડાયા | નલિયા | - |
| ૨૮-૧૧-૧૯ | ભાંડુપ | રોનક ચંદ્રકાન્ત મેઘજી મોમાયા | વરાડીયા | - |
| | ડોમ્બીવલી | સ્નેહા દિનેશ કલ્યાણજી નાગડા | જખૌ | - |
| ૦૨-૧૨-૧૯ | ડોમ્બીવલી | હેમાંગ પ્રશાંત શામજી મોતા | સુખપુર | - |
| | ભાંડુપ | હર્ષિતા ગુલાબ ખીમજી પોલડીયા | ડૂમરા | - |
| ૦૫-૧૨-૧૯ | ડોમ્બીવલી | સચિન અશોક કાનજી દંડ | સેવક ભરૂડીયા | ૨૮ |
| | નાલાસોપારા | ઉન્નતિ દીપક પદમશી ઠાકરશી લોડાયા | મોટી ખાવડી | ૨૬ |

**આંતરજ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧૧-૧૯ | કાંદિવલી | પ્રવિણ લખન નાનકુ સિંગ | રાંચી | ૩૩ |
| | થાણે | માહી રાજેન્દ્ર કુંવરજી લાલકા | બાંઢીયા | ૩૦ |
| ૨૨-૧૧-૧૯ | ડોમ્બીવલી | ચિંતન દિપક કલ્યાણજી મૈશેરી | જખૌ | ૨૮ |
| | ડોમ્બીવલી | વિદીતા શરદ ગોવિંદ ગાવડે | સાવંતવાડી | ૨૬ |
| ૨૩-૧૧-૧૯ | ચેમ્બુર | મિહિર ચંદ્રેશ પોપટલાલ ધરમશી | ગોરખડી | - |
| | મસ્કત | રૂપા કિશોર ધીરજલાલ મણીયાર | રાજકોટ | - |
| ૨૯-૧૧-૧૯ | ડોમ્બીવલી | કિરીટ હસમુખ હીરજી સાવલા | મોટા આસાંબીયા | ૩૦ |
| | અમદાવાદ | લિશીતા સુનિલ ગોવિંદજી શાહ | નલિયા | ૨૭ |
| ૦૨-૧૨-૧૯ | લોનાવલા | રવિ મુકેશ જીવરાજ મોમાયા | વરાડીયા | - |
| | પુણે | આયુષી અજય પુરૂષોત્તમ અડાવડકર | અડાવડ | - |
| ૦૬-૧૨-૧૯ | બેંગલોર | નિખિલ શ્રીધર નાગ | - | ૩૧ |
| | રાયચુર | નિરાલી શ્રીકાંત બંકીમચંદ લોડાયા | સુથરી | ૨૮ |
| - | નાગપુર | શશાંક શિવકુમાર ગોસ્વામી | પૂના | ૨૭ |
| | નાગપુર | નિધી પ્રફુલ પોલડીયા | ડૂમરા | ૨૪ |

**લગ્ન છુટા થયા**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૦-૧૯ | વાશી | કિનાંત મણિકાંત વેલજી દંડ | સેવક ભરૂડીયા | ૩૬ |
| | મુલુંડ | અલ્પા શાંતિલાલ પદમશી લોડાયા | સાંયરા | ૩૨ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૨-૧૯ | ભાંડુપ | દમયંતી (કોકીલાબેન) કિશોરચંદ દામજી મોતા | રાયધણજર | ૭૫ |
| ૦૭-૧૨-૧૯ | ગોરેગામ | અરવિંદ કુંવરજી હિરજી લોડાયા | મોટી ખાવડી | ૫૯ |
| ૦૮-૧૨-૧૯ | અમદાવાદ | ધનલક્ષ્મી રાયચંદ હિરજી ખોના | સાંધવ | ૮૪ |
| ૧૧-૧૨-૧૯ | ડોમ્બીવલી | હંસા કાન્તીલાલ ગુટકા | - | ૫૮ |
| | | (હિરબાઈ ડાયાલાલ લખમશી ડાઘાની સુપુત્રી) | | |
| ૧૨-૧૨-૧૯ | અંકલેશ્વર | નવલબેન જેઠાભાઈ વીરજી વીરઘોર દંડ | લાલા | ૮૪ |
| ૧૨-૧૨-૧૯ | શીરપુર | ઈવા કેવલ દિલીપ નાગડા | લુણી | ૯ માસ |
| ૧૨-૧૨-૧૯ | દહિસર | લધુભાઈ જેઠાભાઈ જેતસી મૈશેરી | કોઠારા | ૭૧ |
| ૧૩-૧૨-૧૯ | ડોમ્બીવલી | રાજેશ શાંતીલાલ નેણસી શિયાર | જખૌ | ૪૯ |
| ૧૩-૧૨-૧૯ | બેંગલોર | હિરાવંતી જયચંદ પુનશી નાગડા | જખૌ | ૭૭ |
| ૧૬-૧૨-૧૯ | નવી મુંબઈ | વીરચંદ અરજણ દેસર મોતા | વાંકુ | ૭૮ |
| ૧૭-૧૨-૧૯ | સાયન | ઝવેરચંદ હંસરાજ નરશી ધરમશી | ભરૂડીયા | ૭૦ |
| ૧૭-૧૨-૧૯ | મુલુંડ | ઉષાબેન જીતેન્દ્ર ઝવેરચંદ ધુલ્લા | તેરા | ૭૨ |
| ૧૮-૧૨-૧૯ | ડોમ્બીવલી | પ્રવિણ જેઠાભાઈ રામજી ખોના | કોઠારા | ૫૫ |
| ૧૮-૧૨-૧૯ | મુલુંડ | નિર્મલા કુંવરજી ભાણજી લોડાયા | બાંઢિયા | ૬૨ |

# મારી જીવનસાથી ના રહી



ધનલક્ષ્મીબેન પ્રતાપ પટેલ

મારી જીવનસંગીની પ્રભુને પ્યારી થઇ ગઇ;
આજે એ મુજથી દૂર, ઘણી દૂર ચાલી ગઇ.
સુખમાં સાથી, દુખઃમાં સહારો, સર્વસ્વ મારૂં હતી એ;
હવે કોને કહું દિલની વાત, મારી જીવનસાથી ના રહી.
આંસુઓ સુકાઇ ગયા, હોઠ ફિક્કા સિવાઇ ગયા;
મન થયું સૂનમૂન, દિલદર્દ વલોવાઇ ગયા.
જીવન જાણે એક નાટક અને આપણે એના જીવંત પાત્રો;
હું ડાયલોગ બોલતો રહ્યો અને એ ચીર-નીદ્રામાં પોઢી ગઇ.
૩૧ જુલાઇ (૨૦૧૯) અમાસની રાત મારી વેરી થઇ;
'પ્રતાપ' પોતાનો બતાવી, મુજ ભાર્યાને ભરખી ગઇ.

– **પ્રતાપ મેઘજી પટેલ** (સાંધાણ)

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ અંતરથી અશ્રુભીની શ્રધ્ધાંજલી



જન્મ : તા. ૬-૩-૧૯૪૯

દેહ વિલય : તા. ૨૭-૧૨-૨૦૧૮

### ઉત્તમ કલ્યાણજી જેઠાભાઇ ખોના (સાંગલી)

આપની વસમી વિદાયને વાગોળતાં એક વર્ષનો સમય વહી ગયો.
હર પળ, હર ક્ષણ આપની યાદી, આપના પથદર્શન સદાય આગળ વધવા પ્રેરક બળ બની રહે છે.
આપે જીવન દરમ્યાન આરંભેલા, સીંચેલા અને મજબૂત પીઠબળ પ્રદાન કરેલા, અને સામાજીક અને સેવાભાવી કાર્યો કરેલ છે. તે આપની કાર્ય કુશળતા અને દીર્ઘ દષ્ટીના પ્રતિક અને સીમા ચિન્હ સમાન છે. આપના કાર્યોમાં સહભાગી થઇ આગળ વધારીયે અને આપના અંતરના આશીર્વાદો અમ પર સદાય વરસતા રહો એજ પ્રાર્થના.

**આપના પવિત્ર આત્માને પરમકૃપાળુ દેવ અનન્ય શાંતિ બક્ષે એજ અમારી હાર્દિક શ્રધ્ધાંજલિ....**

લિ...

**શ્રીમતી ખમ્માબેન ઉત્તમ કલ્યાણજી જેઠાભાઇ ખોના**

**દેવાંગ જશ્મીન હિમાંશુ ખોના** | **કૌશળ ભાવિકા મુદિતા યુવાન ખોના**

**નિતલ કાર્તિકા જીયાન ખોના**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2019
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## ચતુર્થ પુણ્યતિથી



જન્મ : તા. ૨૫.૦૨.૧૯૮૨

દેહ વિલય : તા. ૨૪.૧૨.૨૦૧૫

**શૈલેષ મણીલાલ શામજી મોમાયા**

ગામ : વરાડીયા - હાલ : વાપી

વહાલસોયાની વસમી વિદાય, વિત્યા વર્ષ ચાર,
પરંતુ કાળજાના કટકાને કેમ વિસરાય? ઘડપણની લાકડી છે તારી યાદ,
પુત્ર માટે પ્રેમ છે તારી યાદ, સ્નેહીઓ માટે સ્નેહ છે તારી યાદ
ભલે તું નથી આજે અમારી સમીપ, તારી યાદ સદા અમારી સાથે છે.

❖ અશ્રુભિની શ્રધ્ધાંજલિ ❖

માતુશ્રી વાલબાઈ શામજી હીરજી મોમાયા પરિવાર, વરાડીયા
માતા-પિતા : અ.સૌ. વાસંતી મણીલાલ શામજી મોમાયા
પુત્ર : પ્રથમ
ભાઈ-ભાભી : અ.સૌ. ચાંદની મયુર મોમાયા
ભત્રીજા : કલ્પ, પ્રસમ
માતુશ્રી ધનબાઈ ઉમરશી ધરમશી પરિવાર, સુથરી
માતુશ્રી રતનબાઈ ધનજી ધરમશી પરિવાર, સુથરી
નવિનચંદ્ર ઠાકરશી રામૈયા ધરમશી પરિવાર, સુથરી
સ્નેહીજનો તથા મિત્ર પરિવાર

## અભિનંદન - શુભેચ્છા - આશીર્વાદ...



આસમાનની બુલંદી પર તારું નામ હોય,
હજારોની પ્રેરણા બને, એવું તારું કામ હોય,
સફળ બનજે જીવનના દરેક ચરણમાં
એજ આપીએ અંતરથી શુભેચ્છા...

Congratulations

Passed Cost & Management Accountant

**CMA પ્રણવ રાજેશ શીવજી જીવાણી**

(જખૌ - ડોંબીવલી)

લિ.

માતુશ્રી પુષ્પાબેન શીવજી કુંવરજી જીવાણી (મુનવર) ના પૌત્ર
માતુશ્રી મધુબેન (સરલા) નવિનચંદ્ર ચાંપશી દંડ ના દોહીત્ર
માતા-પિતા : અ. સૌ. રાજુલા રાજેશ જીવાણી

UPASANA - 9820167767

## ઉત્કૃષ્ટ દરજ્જાની રેસ્ટોરન્ટનો પ્રતિષ્ઠિત એવોર્ડ હુબલીની 'ધ રસોઇ-વેજ થાલી'ને મળ્યો



કૌશિક ખુશાલ ધરમશી, સચિન લક્ષ્મીચંદ લોડાયા અને અવિન પૂનમચંદ ધરમશી દ્વારા ચલાવાતી આ રેસ્ટોરન્ટ નધિ રસોઇ... વેજ થાલીથને તા. ૨૧ નવેમ્બર ૨૦૧૯ના મેરીટ એવોર્ડસ એન્ડ માર્કેટ રિસર્ચ દ્વારા ભારતનો સૌથી પ્રતિષ્ઠિત ફૂડ અને હૉસ્પિટાલીટી એવોર્ડ ૨૦૧૯ ફાઇનેસ્ટ રેસ્ટોરન્ટ ઓફ હુબલી, કર્ણાટક એનાયત કરવામાં આવ્યો. નવી દિલ્હીમાં યોજાયેલ એક ભવ્ય સમારોહમાં ભારતના પ્રથમ નંબરના શેફ સંજીવ કપૂરના હસ્તે આ એવોર્ડ કૌશિક ખુશાલ ધરમશીએ સ્વીકાર્યો હતો. સમગ્ર ભારતની હજારો રેસ્ટોરન્ટનો સર્વે કરીને ૫૦ શ્રેષ્ઠ રેસ્ટોરન્ટને આ રાષ્ટ્રીય અને ન્યુઝ ૧૮ નેટવર્ક વેન્ચર આ એવોર્ડ આપવામાં આવ્યો. તો જ્ઞાતિજનો હુબલી ધારવાડ તરફ જાવ ત્યારે ભારતની આ શ્રેષ્ઠ રેસ્ટોરન્ટનો રૂબરૂ કે ટ્રેનમાં લાભ લેવાનું ન ચૂકશો.

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.